વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ
## ન્યૂઝ ડાયજેસ્ટ


સપ્ટેમ્બર, 2012





1 2 કવિ સુરેશ દલાલને ભાવભીની અંજલિ.

## શ્રેષ્ઠ ફિલ્મસંગીત માટે શ્યામલ-સૌમિલ સિને ઐશ્વર્ય ઍવોર્ડથી સન્માનિત








3 સાહિત્યમાં અમૂલ્ય યોગદાન માટે ડૉ. ધીરુભાઈ ઠાકરને 'નર્મદ પુરસ્કાર'.


# આપણું **અમદાવાદ...**
# **સુરીલું** અમદાવાદ...














## અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
## ગૌરવભેર.. ગમ્મત સાથે...

" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઇતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."

કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ



**Book with DVD & Audio CD**

**સંપર્ક કરોઃ**

Marketed by :
**Touching Tunes**
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : **26561834 / 35**

visit us at : www.shyamalsaumil.com

પરિકલ્પના અને સંગીત
**શ્યામલ-સૌમિલ**

# સંપાદકનું સારેગમ

## અધિક સુખના માસની શુભેચ્છા...

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ

અધિક માસ...
બાર માસનું વરસ એમાં એક મહિનો વધારે...

'દુકાળમાં અધિક માસ'– આ ઊક્તિ દુઃખમાં વધારો થવાનું સુચન કરે છે. સંઘર્ષરત જીવન જીવતાં એક એક દા'ડા ટૂંકા કરનારને એક આખો મહિનો વધારે આવે ત્યારે એનું બજેટ બદલાઈ જાય છે. ચિંતા વધી જાય. અણગમો પણ પ્રગટ બને. આમ થવું સ્વાભાવિક જ છે. પરંતુ, આપણી પરંપરાએ અધિક માસને ધર્મ સાથે જોડીને એના આગમનને વધાવી લીધું! કોઠાડાહ્યાં લોકોએ, આ મહિનાને પવિત્ર ગણીને ભક્તિનું શરણ લેવાની સલાહ આપી. ભક્તિમાં શક્તિ છે. કપરા સમયમાં ટકાવી રાખવાની. અધિક માસમાં ધર્મ–ધ્યાન અને પૂજા–પાઠનું માહાત્મ્ય છે. ઈષ્ટની આરાધના અનિષ્ટથી રક્ષે છે. સામાન્ય માનવી આ સધિયારો મળતાં નિરાંત અનુભવે છે અને એને આ વધારાનો મહિનો આકરો નથી લાગતો. શ્રદ્ધાનું બળ એને સહ્ય બનાવે છે.

આમ તો ધર્મ–ધ્યાન બારે માસ કરો તે ઉત્તમ પણ એવું ન બને તો આ એક અધિક માસની આરાધના બાકીનો ખાડો પૂરી આપે! આ માન્યતા, પુણ્ય કમાવાની સાથોસાથ જીવનની વિષમતાઓ વચ્ચે ટકી જવાની હૈયાધારણ પૂરી પાડે છે. અધિકમાસનું જમા બાર માસના ખર્ચને પહોંચી વળે! આ સમીકરણ આપણા ગણિતપ્રેમી મનને ગમી ગયું છે.

જીવાતા જીવનની હાડમારીનાં રોદણાં રોવાને બદલે અધિક માસ રૂપે જીવનને આનંદવાની એક અધિક માસ સાંપડ્યાની પ્રસન્નતા પણ અનુભવી શકાય ને!

એક અધિક માસ એટલે હાંસલ કરવા નિર્ધારિત લક્ષ્યસિદ્ધિ માટે પ્રયત્ન કરવાને એક ઓર માસ. એ અર્થમાં જોઈએ તો બજેટ બદલાઈ જવાની મૂંઝવણ મસ્તીમાં ફેરવાઈ જાય. ધાર્યું નિશાન પાડવાની સંભાવના વધી જાય.

દૃષ્ટિ બદલાય તો
દુઃખ વધવાની ચિંતાને બદલે
સુખ વધવાની શક્યતા તરફ પણ ધ્યાન જાય.
આપ સહુને પણ, અધિક સુખના માસની શુભેચ્છા.

**સૌમિલ મુનશી**



વર્ષઃ૨ / અંકઃ ૩ / સપ્ટેમ્બર,૨૦૧૨

તંત્રી અને સંપાદકઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કનસેપ્ટસઃ
ઝીબ્રા આઈડીયાલેબ

તસ્વીર પરામર્શકઃ સંજય વૈદ્ય, વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ–૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ – ૩૫


ઈ–મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્યઃ ₹૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ₹૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

( નોંધ : લવાજમની રકમ રોકડથી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chock, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor** - SAUMIL PARESH MUNSHI.




BARODA NEXt
STATE-OF-THE-ART. STRAIGHT FROM THE HEART.
Contact Centre - 1800 22 33 44
1800 102 44 55
www.bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
India's International Bank

## અજાણ્યાં અવિનાશી ગીતોએ આપ્યો નિજાનંદ...

“અમર સદા અવિનાશ” કાર્યક્રમ ખૂબ સુંદર રહ્યો હતો. અવિનાશભાઈના ઓછાં પ્રખ્યાત પણ
છતાંય લોકપ્રિય થવાની એટલી જ સંભાવના ધરાવતાં ગીતો સાંભળવાં મળ્યાં. વારસો જાળવવો
જોઈએ. એ વાત બરાબર પણ સાથે નવું જાણવા, માણવા અને સ્વીકારવા કાન કેળવવા જોઈએ
એ પણ હકીકત છે. કદાચ નવાં ગીતો માટે અમુક શ્રોતાઓની ફરિયાદ ભલે રહી હોય પણ
શ્રોતાઓને કાન પકડીને નવું સાંભળવાની આદત પાડનાર ‘સ્વરસેતુ’ને અભિનંદન આપીએ
એટલા ઓછા છે. અને એટલે જ કદાચ આજથી દસકા પછી જેટલાં ગીતો (નવાં ગીતો) ‘શ્યામલ-
સૌમિલ’ દ્વારા ભાષાની સેવામાં ઠાલવ્યા હશે એટલા ભાગ્યે જ કોઈએ આપ્યા હશે.

ભાષા બીમાર છે, મરવા પડી છે આવું આજે ઠેર-ઠેર સંભળાય છે. પણ મારા મતે જ્યારે
કોઈ વારે વારે બીમાર પડીને ડૉક્ટર પાસે જતું હોય ને ત્યારે એના રીપોર્ટર્સ કરાવવાને બદલે એની
કાળજી રાખવામાં કે માવજત કરવામાં કોઈ કમી નથી રહેતી ને? એ તપાસવું વધારે યોગ્ય ગણાય.
ગુજરાતીના જખ્મો માટે એની ઘટતી માવજત અને કાળજી જવાબદાર છે. અને એ માટે આપ જે
સુંદર કામ કરો છો એમાં મારો સહકાર હંમેશા છે અને રહેશે જ. ‘ભાષા’ અને ‘આશા’ આ બે માં
હકીકતે એક સામ્યતા છે બંનેને આપણે ટકાવીએ એટલી ટકે છે. એને ટકાવીએ તો અચૂક મીઠાં
ફળ પ્રાપ્ત થાય જ.

યુથને કનેક્ટ કરવા માટે જો આપ કોઈ પણ પ્લાનિંગ કરી રહ્યા હો તો મને અચૂક જણાવજો. આ જ
પ્રમાણે ‘સ્વરસેતુ’ આગળ વધે અને ભાષાને લોકોના કાન અને ગળામાં જીવતી રાખે એવી શુભેચ્છા
અને અભિનંદન.

- ઋત્વીન શાહ,
અમદાવાદ

## અમદાવાદની રગરગમાં પ્રવર્તતું સંગીત શોધીને પ્રસ્તુત કર્યું છે...

“આપણું અમદાવાદ, સુરીલું અમદાવાદ” વસાવી જોયું, વાંચ્યું, સાંભળ્યું - ખૂબ ખૂબ માણ્યું
આવું Music, Theme Base પ્રકાશન અને Production માટે હૃદયપૂર્વકના અભિનંદન. આપે
અમદાવાદના વ્યવહારમાં, રોજગારમાં, દિનચર્યામાં પ્રવર્તતું સંગીત શોધ્યું છે અને પ્રસ્તુત કર્યું છે.
વળી આપના સુંદર સૂર અને સંગીતથી તે સુરીલું બન્યું છે, કર્ણપ્રિય બન્યું છે. સાથે સાથે કવિ તુષાર
શુક્લનું આલેખન અને ઉદ્‌બોધન અભિનંદનીય છે. ફોટોગ્રાફી, વીડિયો મેનુફેક્ચરીંગ વગેરે બધાં
જ પાસા અતિસુંદર છે. સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. તથા આપની ‘સ્વરસેતુ ન્યૂઝ
ડાયજેસ્ટ’ની કલાપ્રવૃતિથી પણ વાકેફ છું. જે ખૂબ પ્રસંશનીય છે. મારા પુસ્તક ‘આ છે
અમદાવાદ’માં પણ આપના ફોટોગ્રાફ સમાવ્યા છે. અત્રે એક ઈચ્છા વ્યક્ત કરું છું, આપની
વીડિયો DVD માંથી આપના સુરીલાં ગીતો જનતા સુધી પહોંચાડવાની ઈચ્છા છે. ફરી આપ
સૌને અભિનંદન.

-ડૉ. માણેક પટેલ,

શબ્દરચનાઃ
ડૉ. સુરેશ દલાલ
(લખ્યા તારીખઃ તા. ૧૯-૮-૧૯૮૧)

સ્વરાંકનઃ
શ્યામલ-સૌમિલ મુનશી



## માણસ અંતે ચ્હાવા જેવો!

ના, ના નહીં ધિક્કારવા જેવો
માણસ અંતે ચ્હાવા જેવો.

ખૂણા-ખાંચા હોય છતાંયે
માણસ એ તો
ગીત-ગઝલમાં મન મૂકીને ગાવા જેવો!

હિમશિખરની શાતા જેવો
વડાવાનલ કે લાવા જેવો
અવસર, માતમ, લ્હાવા જેવો!
અંત વિનાના પ્રશ્નો પૂછેઃ
કેવો માણસ, માણસ કેવો...?

માણસ તો માણસના જેવો...
જેવો તેવો હોય છતાંયે
સાચા દિલની વાહ્-વા જેવો
માણસ અંતે ચ્હાવા જેવો!

ડૉ. સુરેશ દલાલના કાવ્યસંગ્રહ ‘કાવ્યસૃષ્ટિ’માંથી આ શબ્દરચના જેનું સ્વરાંકન શ્યાનલ-સૌમિલ દ્વારા કરવામાં આવ્યું છે. ૨૦૦૨માં ‘સ્વરસેતુ’ દ્વારા આયોજિત કાર્યક્રમ ‘‘માણસ છે, કહેવાય નહિ’’માં આ ગીતની રજૂઆત સૌમિલ મુનશી દ્વારા પ્રથમવાર કરવામાં આવી હતી. શ્યામલ-સૌમિલ દ્વારા નિર્મિત અને ટૂંક સમયમાં જ પ્રસ્તુત થનાર Audio CD ‘માણસ અંતે ચાહવા જેવો’માં પણ આ રચનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગીત - માણસ અંતે ચાહવા જેવો

**સ્કેલ C#, કાળી-૧**

**લય-૪/૪, તાલ-**

$ | પધુ પધુ પમ મ | મગ રેરે ગ મ | - - - - | - - - - |
| ના ના નહીં ધિ | ક્કા રવા જે વો | . . . . | . . . . |

| પ ધુની-ધુ પમ મ | મગ રેરે ગ મ | - - - પગ | ગ - - - |
| ના ના નહીં ધિ | ક્કા રવા જે વો | . . . . | . . . . |

| ગ ગરે રેસા સા | નીધ નીધ ની સા | - - - - | - - - - |
| મા ણસ અં તે | ચાહ વા જે વો | . . . . | . . . . |

● | ની ની ની નીસાં | નીસાં સાંની નીધ ધપ | - - - - | x x x x |
| ખૂ ણા ખાં ચા. | હો. યછ તા. એ. | . . . . |

| ની ની ની નીસાં | નીસાં સાંની નીધ ધપ | પધ પધ પમ મ | મપ મપ મગ ગ |
| ખૂ ણા ખાં ચા. | હો. યછ તા. એ | મા ણસ એ તો | મન મૂ કી ને |

| ગમ ગમ ગરે રેસા | સા રેગ મપ મપ | - - - મ | ગ - - - |
| ગી તગ ઝલ માં | ગા વા જે વો | . . . . | . . . . |

| ગ ગરે રેસા સા | નીધ નીધ ની સા | - - - - | - - - - |
| મા ણસ અં તે | ચાહ વા જે વો | . . . . | . . . . |

**અંતરા**

| ગ મપ પ પમ | ગ મપ પ પ | - - - - | - - - - |
| હિ મશી ખા ની | શા તા જે વો | . . . . | . . . . |

| સાંધ ધ _ધ_ ધપ | મ પધ ધ ધ | - - - - | - - - - |
| વડ વા નલ કે | લા વા જે વો | . . . . | . . . . |

| રેરે રેરે ગ મ | નીધ ધપ પ પ | - - - - | - - - - |
| અવ સર મા તમ | લ્હા વા જે વો | . . . . | . . . . |

| પ પપ સાં સાં | પ સાં સાં રેં | - - - - | - - - - |
| અં તવિ ના ના | પ્ર શ્નો પૂ છૈં | . . . . | . . . . |


| રેંગ રેં રેંગ રેં | રેંગ રેં રેંગ રેં | - - - - | - - - - |
| કે વો મા ણસ | મા ણસ કે વો | . . . . | . . . . |

| ની ની ની નીસાં | નીસાં સાંપ પ પ | - - - - | - - - - |
| મા ણસ તો મા | ણસ ના જે વો | . . . . | . . . . |


| પધુ પધુ પમ મ | મપ મપ મગ ગ | ગમ ગમ ગરેં રેસા | સા રેગ મપ મપ |
| જે વો તે વો | હો યછ તા યે | સા ચા દિલ ની | વાહ વાહ જે વો |

| - - - મ | ગ - - - |
| . . . . | . . . . |

| ગ ગરે રેસા સા | નીધ નીધ ની સા | - - - - | - - - - |
| મા ણસ અં તે | ચાહ વા જે વો | . . . . | . . . . |



મહેશ દવે



# સીત્તેર વર્ષની મૈત્રી, મને કેમ વિસરે રે...

સુરેશ અને મારો જન્મ એક જ સાલમાં, ૧૯૩૨માં. હું ઉંમરમાં એનાથી પંદરેક દિવસ મોટો. પણ સિદ્ધિઓના ઝળહળતા શિખર સર કરવામાં એ મારા કરતાં ઘણો ઊંચો. એટલે જ કદાચ એ મારાથી પહેલો ને વહેલો દિવ્યતાના દરબારમાં પહોંચી ગયો. ૧૦-૮-૨૦૧૨ની સાંજે એ કૃષ્ણજન્મની રાત્રે જન્મોત્સવ ઉજવવા કૃષ્ણ પાસે પહોંચી ગયો. હું રહી ગયો.

૧૯૪૧-૪૨માં અમે બંને દસેક વર્ષના. ખેતવાડી, મુંબઈમાં આવેલી ફરામજી નસરવાનજી મિડલ સ્કૂલમાં એક જ વર્ગમાં. વિદ્યાર્થીઓ તરીકે મળ્યા, મિત્રો બની ગયા. એ મૈત્રી લગભગ સતત ગાઢ સાંનિધ્ય સાથે સિત્તેર વર્ષ ચાલી અને જીવંત રહી. 'કોઈ ઈધર ગીરા, કોઈ ઉધર ગીરા'ના આ યુગમાં મૈત્રીસંબંધ આટલો લાંબુ જીવે, એને હું આશ્ચર્યકારક, વિરલ અને મારે માટે સુભગ ઘટના ગણું છું.

સુરેશની કવિતા, એનું સાહિત્ય, ગુજરાતી ભાષામાં એનું પ્રદાન વિશે ઘણું ઘણું લખાશે. પીએચ.ડી. પ્રબંધો કરાશે. વિવેચનગ્રંથો પ્રગટ થશે. એ બધું થવુંય જોઈએ. પણ મારા આ લેખમાં એવી કશી વિદ્વતા ઝાડવી નથી. મારે તો એક મિત્ર તરીકે, માણસ તરીકે સુરેશ કેવો હતો અને કેવી રીતે ઘડાયો, એની સીધી-સાદી વાત કરવી છે. કારણ કે હું તો એની સાથે એ રીતે જ જીવ્યો છું, દેશ-વિદેશમાં અનેક સ્થળે ફર્યો છું અને દિવસ-રાત મુખોમુખ અને ફોન-મોબાઈલમાં વાતો અને ચર્ચાઓ કરી છે.

અમે શાળામાં સાથે હતા એટલું જ નહીં, સી.પી. ટેન્કના વિસ્તારમાં નજીક-નજીક રહેતા. નિશાળેથી છૂટી ઘર ભણી સાથે જ જઈએ. અમારી વાતો ખૂટે જ નહીં. કેવો હતો સુરેશ એ વખતે! એકદમ પાતળો, સાવ સુકલકડી, સાવ ઓછાબોલો. જોકે એના માળામાં (મકાનમાં) તોફાની ટોળકીનો એ 'લીડર' હતો. સ્કૂલના વર્ષોમાં સુરેશને કે મને સાહિત્ય કે કવિતામાં જરાય જેટલો રસ નહોતો. હા, એક વાત ખરી કે અમારી શાળામાં ગુજરાતીના શિક્ષક છોટુભાઈ કવિતાપાઠ કરીને કવિતા શીખવાડે ત્યારે સુરેશ મુગ્ધ થઈ એકચિત્તે સાંભળી રહે. છોટુભાઈ બહુ સરસ રીતે કાવ્યપાઠ કરતા. એમના કાવ્યપાઠ અને કવિતાપ્રીતિનો સુરેશના અસંપ્રજ્ઞાત (unconscious) મન પર ઘેરો પ્રભાવ પડ્યો હોય એવું કદાચ બન્યું હોય.

શાળામાં અમે સાથે, પછી મુંબઈની સૅન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પણ સાથે. ત્યાં અમારી સાથે નવા ઘણા મિત્રો ભળેલા, પણ એમાં જગદીશ જોષી સાથે અમારો નાતો જરા નીજી અને પાકો. એ વખતે કૉલેજના પહેલા બે વર્ષ ફર્સ્ટ ઈયર અને ઈન્ટર બધા એક જ વાડામાં. ઈન્ટર પછી બી.એ. ઑનર્સ થવા જુદા પડે. સુરેશ અને જગદીશે ગુજરાતીનો વિષય રાખેલો, મેં ફિલસૂફીનો માળા એ બેય તો કવિતાઓ લખવા માંડેલા. એમાંય સુરેશ તો ઘણી કવિતાઓ લખતો. મારી સ્મૃતિ દગો ન દેતી હોય તો સુરેશે એક કવિતાઓનો દળદાર હસ્તલિખિત 'આલ્બમ' જેવો ગ્રંથ બનાવેલો. એને નામ આપેલું 'સર્જનસરિતા'.

સુરેશ અને જગદીશને તો ભણવામાં મજો પડી ગયો હતો. મનસુખલાલ ઝવેરી અને ઝાલાસાહેબ જેવા પ્રાધ્યાપકો, રામનારાયણ પાઠકના 'શેષના કાવ્યો',

ઉમાશંકરની 'પ્રાચીના' અને કાન્તનો 'પૂર્વાલાપ' જેવા પાઠ્યપુસ્તકો. બંને મિત્રો પર મનસુખલાલ ઝવેરીની વાક્છટાનો ભારે પ્રભાવ. સુરેશ અને જગદીશ તો કાવ્યના બંદા બની ગયેલા. કમનસીબે જગદીશનું નાની ઉંમરે અવસાન થયું.

બી.એ પછી એમ.એ. કરતા સુધીમાં તો મારા બંને કવિમિત્રો રાજેન્દ્ર શાહ, હરિન્દ્ર દવે આદી અનેક કવિઓના પરિચિત તેમ જ મિત્રો બની ગયા હતા. અમે મુશાયરાઓમાં જતા. પ્રવૃતિસંઘ આદી સંસ્થાઓના કવિસંમેલનો માણતા. સુરેશને ન પોષાય તોય એ બીજી કરકસર કરી કાવ્યસંગ્રહો ખરીદતો. ખૂબ કવિતાઓ વાંચતો. દરમિયાન એના મોટાભાઈ અરવિંદના લગ્નનિમિત્તે એણે ચૂંટેલાં પ્રણય-ગીતો-કાવ્યોનો નાનકડો સુંદર સંચય 'લહેરખી' પ્રગટ થતા ઉત્તમ ગુજરાતી કાવ્યોના સંપાદનો કવિતા ૧૯૫૩, ૧૯૫૪, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૫૭-૫૮-૫૯ સુરેશે કર્યા. કેટલાં બધાં કાવ્યો એણે વાંચ્યા અને નાણ્યાં હશે. આ અરસામાં ચમત્કાર જેવું થયું. સુરેશમાં કવિતાની ગજબની સરવાણી ફૂટી અને સુરેશ કવિતામય થઈ ગયો.

સુરેશના પોતાના કાવ્યોનો ફાલ વધતો જતો હતો. શરૂઆતમાં સુરેશે રેડિયો માટે ઋતુગીતો, તહેવારગીતો, સંગીતનાટિકાઓ લખી. એમાંથી એ જલદી બહાર નીકળી ગયો, પાકટ થયો. એ તેની વશેકાઈ હતી. ૧૯૬૬માં તેનો પહેલા કાવ્યસંગ્રહ 'એકાન્ત' પ્રગટ થયો. ત્યારપછી પ્રકાશન અને કાવ્યશિખરો સર કરવામાં સુરેશે પાછું વળીને જોયું નથી. એણે ૪૦૦થી વધુ પુસ્તકો આપ્યાં છે.

સુરેશના અને મારા વ્યવસાયો અને રહેવાના શહેરો બદલાયા હતા, પણ અવર-જવર ચાલુ હતી. વિશેષમાં છેલ્લે પાછા એક વ્યવસાયમાં સાથે જોતરાયા. શરૂઆતથી જ આગ્રહ કરી એ મારી પાસે કંઈ ને કંઈ લખાવ્યા કરતો. નિવૃત થયાં પછી અમે 'ઈમેજ' શરૂ કર્યું. ત્યાર પછીના પંદરેક વર્ષમાં એણે મારી પાસે વિવિધ સ્વરૂપના ચાલીસેક પુસ્તક કરાવ્યા છે. મારી જેમ એણે ઘણાંને લખતા કર્યા છે. ચાલીસ વર્ષથી વધુ સમયથી એકલે હાથે એણે સતત 'કવિતા' સામયિક ચલાવ્યું છે અને કેટલાય નવા કવિઓ ગુજરાતને આપ્યા છે.

**સુરેશના પ્રશંસકો અને મિત્રોનો સમુદાય ભારે મોટો, વ્યાપક અને વિશાળ. મિત્રના પ્રશ્નો પોતાના ગણી એને ઉકેલવા એ મથે. મિત્રોને અકળાવી મૂકે એવો બેફામ ખર્ચ મિત્રો માટે કરે. પુસ્તકો ખરીદવા અને મિત્રોને આપવાનું તો જાણે એને વ્યસન હતું. મૈત્રી એના જીવનની અખિલાઈ રહી.**

ગુજરાતમાં જ નહીં, વિદેશમાં પણ એણે ગુજરાતી સાહિત્ય, કવિતા અને કાર્યક્રમોને મોભો અને માનમરતબો અપાવ્યો. આજે વિદેશમાં આવા ઘણાં કાર્યક્રમ થાય છે અને ત્યાંથી લખનારાઓનું વિશિષ્ટ 'ડાયસ્પોરા' ગુજરાતી સાહિત્ય ઊભું થયું છે એમાં સુરેશનો મોટો ફાળો છે.

શરૂઆતથી જ સુરેશ વિદ્યાર્થીપ્રિય અધ્યાપક, લોકપ્રિય કવિ, સંચાલક અને વક્તા નીવડ્યો. તેના ઈતરવાંચન, પ્રસંગો અને કવિતાની સ્મૃતિ, એકધારી અસ્ખલિત વાણી, કામ પ્રત્યેની નિષ્ઠા અને લોકરગની સમજણે એને અપ્રતિમ સફળતા અપાવી. એને બોલતો સાંભળીએ તો લાગે કે એ 'એક્સટેમ્પોર' બોલે છે, પણ હોમવર્ક કર્યા વગર એ કદી પણ કોઈ કાર્યક્રમ કરતો નહીં. અભ્યાસ થાય, કાર્ડ્સ બને અને ભલે જોવાની જરૂર ન પડે કાર્ડ્સ પોડિયમ પર હાથવગા પડ્યા જ હોય.

એના પ્રશંસકો અને મિત્રોનો સમુદાય ભારે મોટો, વ્યાપક અને વિશાળ. મિત્રના પ્રશ્નો પોતાના ગણી એને ઉકેલવા એ મથે. મિત્રોને અકળાવી મૂકે એવો બેફામ ખર્ચ મિત્રો માટે કરે. પુસ્તકો ખરીદવા અને મિત્રોને આપવાનું તો જાણે એને વ્યસન હતું. મૈત્રી એના જીવનની અખિલાઈ રહી.

સુરેશ ગુજરાતી સાહિત્યની અનોખી ઘટના છે. જાણે કોઈ દંતકથા. કેટલું વિપુલ અને વૈવિધ્યપૂર્ણ સાહિત્યસર્જન એણે કર્યું. એનું ગદ્યલેખન પણ કવિતાની બરોબરી કરે એવું છે. બહુ ઓછા ગુજરાતી વાચકો અને વિદ્વાનોએ એના જેટલું વિશ્વસાહિત્ય અને વિશ્વકવિતાનું સેવન કર્યું હશે. ૫૦૦થી વધારે તો એણે વિદેશી કાવ્યાનુવાદ કર્યા હશે.

એને મળેલા પુરસ્કારોનો કોઈ હિસાબ નથી. કવિસંમેલનના સંચાલક, વક્તા અને કાવ્યપઠનમાં એની કીર્તિ અને લોકપ્રિયતાનું શિખર ન આંબી શકાય એટલું ઊંચું છે. કવિતાઓ તેને કંઠસ્થ ને આત્મસ્થ. કવિતાને લોકો સુધી લઈ જવામાં એના જેવો બીજો કોઈ જણ મેં જોયો-જાણ્યો નથી. એના જેવા કવિ, સંચાલક અને આયોજક પ્રાન્તે-પ્રાન્તે અને શહેરે-શહેરે હોય તો ભારતની સાહિત્યરૂચી અવ્વલ બની રહે, એમાં શંકા નથી.

# આટલું બધું વ્હાલ તે કદી હોતું હશે?
# કોઈ પારેવું વાદળ ભરી રોતું હશે?




**...અને સુરેશભાઈએ કવિતા ગીત-સંગીતના જતન માટે 'સ્વરસેતુ'ને શુભેચ્છા પાઠવી.**


'સ્વરસેતુ'ની ગીત-સંગીત સભર પ્રવૃતિઓને પણ કવિ સુરેશ દલાલે બિરદાવી હતી. થોડા સમય પહેલાં મુંબઈના બિરલા માતુ શ્રી સભાગૃહમાં 'સ્વરસેતુ'દ્વારા યોજાયેલાં 'સંગીત દા ઢાબા' કાર્યક્રમમાં પણ તેમણે હાજરી આપી અને કાર્યક્રમને માણયો હતો. નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે 'સ્વરસેતુ'ના માધ્યમથી શ્યામલ-સૌમિલ દ્વારા કવિતા-ગીત અને સુગમસંગીતનું જે જતન કરવામાં આવે છે તેને લઈને સસ્નેહ શુભેચ્છા પણ પાઠવી હતી.







'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' ના અંકનું રસપૂર્વક વાંચન કરતા સુરેશભાઈ



રઈશ મનીઆર

એક ધબકતી કવિતા લખવા માટે કવિએ એમાં જાન રેડી દેવી પડે છે. દુષ્યન્તકુમારે કહ્યું છે કે,

**મૈં જિસે ઓઢતા બિછાતા હું**
**વો ગઝલ આપકો સુનાતા હું**

ક્યારેક કવિતા ચાદરની જેમ ઓઢાય તો ક્યારેક ચામડીની જેમ.

કવિતા એટલે નવીનતા. કશુંક જુદું, કશું અલગ, કશું સાદું છતાં છટાદાર. પતંગિયા અને દીપક, ચાંદ અને ચકોરી આ બધી ઉપમાઓ ઘસાઈ જાય એટલે કવિ નવી ઉપમા લઈને આવે. ટ્રેન અને બ્રીજની ઉપમા..

**તુ કિસી રેલ સી ગુઝરતી હૈ**
**મૈં કોઈ પુલ સા થરથરતા હું**

**એક જંગલ હૈ તેરી રાહોમેં**
**મૈં જહાં રાહ ભૂલ જાતા હૂં**


કવિતાના જંગલમાં રસ્તો ભૂલવાનો આ વ્યાયામ કવિને ક્યારે લેખે લાગે? ગુલઝાર સાહેબ એમની એક કવિતામાં કહે છે.

**એક કડી ગીતની ગૂંથવા જાતા**
**શબ્દોનાં જંગલમાં ઘૂસી હું**
**કોઈ આગવો અર્થ જો તોડી લાવું છું**
**થઈ જાય ઉઝરડા હાથ ઉપર**
**છોલાઈ જતી સૌ આંગળીઓ**
**પણ શબ્દ અડાડું જીભે ત્યાં તો**
**મોંમાં એકરસ ઘોળાઈ જતો.**



## નથી સાહિત્યને સ્પર્શી શકાતું અલ્પ વાણીથી
## કદી આકાશ ભીંજાતું નથી વાદળનાં પાણીથી

તો પોતાના હાથ પગ છોલાવી તમારે માટે કાવ્યના આ મધમીઠાં બોર લઈ આવેલા કવિઓનો પરિશ્રમ વિશે મરીઝ સાહેબ કહે છે.



**પરિશ્રમ જાગરણ સાહિત્યનો કાનૂન માંગે છે**
**બીજા શબ્દોમાં કહીએ તો જિગરનું ખૂન માંગે છે**
**નથી સાહિત્યને સ્પર્શી શકાતું અલ્પ વાણીથી**
**કદી આકાશ ભીંજાતું નથી વાદળના પાણીથી**

કોઈને કદાચ પ્રશ્ન થાય કે કવિનો પરિશ્રમ કેવો હોય? કવિના જિગરનું ખૂન કેવું હોય? ડૉ. મુકુલ ચોક્સી પણ કહે છેઃ

**ખાઈ, પી ને નાહીને કવિતા નથી બનતી હે દોસ્ત**
**લોહી વહે ત્યારે જ કાગળ વચ્ચે ધરવો જોઈએ**

કવિ સૃષ્ટિ પર પહેલી પગલી ભરે એ પહેલાં તો સહસ્ત્રાબ્દીઓના, સૈકાઓના કાફલા આ ધરણીના પથરાળ માર્ગોને ધમધમાવતા પસાર થઈ ગયા હોય છે એની જાણ બહાર! સમયસમયના જીવનયોદ્ધા આવતી પેઢીના બાળુડાં માટે ખડી પડેલા પથ્થરો જેવા શબ્દો છોડી જાય છે. કવિમાત્રને એ કાંકરા વીણવાનો બાળસહજ શોખ! શબ્દો; લીસ્સા

અને ખરબચડા... શબ્દો; સુંવાળા અને ધારદાર... શબ્દો; સ્ફટિક જેવા પરાવર્તી.. શબ્દો; કાળાભમ્મર...વહી ગયેલો કાળ કાંગરેથી ખરી કાંકરા બનીને શબ્દસ્થ થઈને પડેલો હોય છે કવિની આસપાસ. કવિ પછી તો માપ, ઘાટ અને કૂળ પ્રમાણે શબ્દો જુદાજુદા ગજવે ઘાલતો જાય છે. ફુરસદે એ ગજવાઓમાંથી પ્રાસદાર અને પાસાદાર પથ્થરો, એક રંગ અને એક ઢંગના શબ્દો કાઢીને એકમેકની આજુબાજુ ગોઠવીને જુએ. અને આખું જગત જંપી જાય ત્યારે એ વિસ્થાપિત પથ્થરોની એ ગોઠવણ એક રમ્ય લીલાની જેમ શ્વાસ લેવા લાગે. રાતની કાળી ચાદરમાં કાણાં પાડી ચન્દ્ર, તારકો શબ્દવેશે નજીક આવે ને કવિતામાં ગોઠવાય. જે કાશી કે મક્કામાં મળે, એનેય કવિ કક્કામાં ખોળી

**સ્પર્શ, સ્વાદ, રૂપ-રંગ, શ્રુતિ, ગંધ...જીવનનો અનુભવ જીવનાર જુદી જુદી ઈન્દ્રિયોથી કરે. પણ કવિને મન શબ્દથી થયેલો અનુભવ સર્વોપરી. રાતની કાળી ચાદરમાં કાણાં પાડી ચન્દ્ર, તારકો શબ્દવેશે નજીક આવે ને કવિતામાં ગોઠવાય. જે કાશી કે મક્કામાં મળે, એનેય કવિ કક્કામાં ખોળી બતાવે.**

બતાવે. શબ્દો કવિના વિચારના પગરખાં... અરે નહીં, પગ!

Time, Space અને Orientation ના ત્રણે પરિમાણોમાં કવિ શબ્દથી જ વિહાર કરે. સ્પર્શ, સ્વાદ, રૂપ-રંગ, શ્રુતિ, ગંધ...જીવનનો અનુભવ જીવનાર જુદી જુદી ઈન્દ્રિયોથી કરે. પણ કવિને મન શબ્દથી થયેલો અનુભવ સર્વોપરી. વિશ્વ સાથેનો એનો સંયોગ, જીવવાનો અનુભવ એ અનુભવને ઝીલવાથી પળેપળ પ્રવાહ બદલતી લાગણીઓની ઊછળતી, સૂકાતી નદીઓ.. આ પ્રવાહોને સમજવાની, નાથવાની કે માણવાની કોશિશ એ શબ્દોથી જ કરે. સમયનો સમુદ્ર પસાર કરવા માટે એની પાસે માત્ર શબ્દની જ હોડી છે. શબ્દ એનો નશો છે. શબ્દો, ભાષા અને વિચાર






અનુભવને ઠહેરાવ આપે અને એ રીતે જીવનને નવો આયામ આપે છે. શબ્દોના, ભાષાના, કલાના ઢોળ વગરનું જીવન એને રમ્ય ન લાગે. શબ્દો પળવારમાં અનુભવનું રૂપાંતર કરી દે એ લીલાને તલ્લીન થઈ જોવી એ જ એની પ્રાર્થના છે. શબ્દો અને શબ્દાતીત કલાઓ દુ:ખનેય રમણીય બનાવે એ જ એની દુ:સાધ્ય બીમારીનો ઇલાજ છે. મેળવેલા અને કેળવેલા શબ્દો દ્વારા એ ખુદ પોતાને જ મેળવતો કે કેળવતો જાય છે.

**એકાંત છે ગઝલ અને ઘરબાર એ જ છે**
**બેસું ભરીને, દર્દનો દરબાર એ જ છે**

**મારી બધી છટાઓ ગઝલમાં નભી ગઈ**
**છે નમ્રતાય એ જ, અહંકાર એ જ છે**

**જીવલેણ રોગ જેમ લખાતી રહી ગઝલ**
**લખતો રહું ગઝલ, હવે ઉપચાર એ જ છે**

**કીધું ગઝલવટું, થયો દુનિયાથી દૂર પણ**
**દુનિયાની સાથે મારો સરોકાર એ જ છે**


રોગગ્રસ્ત વ્યક્તિ આસન જાતે કરી શકવા સમર્થ નથી હોતી, આવી વ્યક્તિને વિવિધ સાધનોની સહાયથી યોગાસનો કરાવવામાં આવે છે. આ માટે ચિત્રમાં બતાવ્યા મુજબ લાકડાના ખાસ પ્રકારે બનાવેલ સાધનો જે શરીરના વળાંકમાટે સહાય કરે તેનો ઉપયોગ થાય છે.

Add. : Above PNB, Nr. Bikanerwala,
Nehrunagar, Satellite - 380015

Cell : + 91 98256 88599, 94082 85358
Phone : 079 - 26765358, Email : hetvee1@yahoo.com



નંદિની ત્રિવેદી



# સંગીત સાથે હોય પછી કોઈ એકલું હોઈ શકે?
## - ડૉ. પ્રભા અત્રે

**શુભ્રકેશ શુભ્રવેશ શુભ્રમનધારિણી પ્રભા**
**મધુર કંઠ મધુર નાદ મધુર વરદાયિની પ્રભા**

સાયન્સ ગ્રેજ્યુએટ અને કાયદાશાસ્ત્રની ડિગ્રી મેળવનાર વ્યક્તિ પ્રથમ પંક્તિનાં ઉત્કૃષ્ટ સંગીતકાર બને એવી કોઈને કલ્પના આવે? કેળવણીકાર મા-બાપની આ દીકરી નાનપણમાં સંગીત, નાટક, નૃત્ય બધાંમાં પારંગત. પણ જિંદગીમાં એવો મોડ આવ્યો કે એ સર્વગુણ સંપન્ન દીકરીએ રાહ લીધો સંગીતનો અને આજે એ દેશ-વિદેશમાં પ્રખ્યાત છે ડૉ. પ્રભા અત્રેના નામે. એમના કંઠમાં જેટલી મીઠાશ છે એટલી જ મીઠાશ એમના વ્યક્તિત્વમાં છે. કિરાના ઘરાનાનાં આ બ્રિલિયન્ટ થિંકર, પરફોર્મર, કમ્પોઝર, લેખિકા અને કવયિત્રી પ્રભા અત્રેનું નામ આજે શાસ્ત્રીય સંગીતનાં દિગ્ગજ તરીકે બહુ જ આદરપૂર્વક લેવાય છે.

**મુખ્ય શોખઃ** નૃત્ય, નાટક અને સુંદર પેઈન્ટિંગ્ઝ જોવાનો.

**ફેવરિટ સંગીત અને સંગીતકારઃ** સંગીત બે જ પ્રકારનું હોય. એક સારું અને એક બીજું ખરાબ. કોઈ પણ સારું સંગીત સાંભળવું ગમે. ગ્લોબલ મ્યુઝિક મને વધુ આકર્ષે છે. અરેબિક મ્યુઝિકમાં ફેરોઝ અને ઉમકુલસુમનું સંગીત અદ્ભુત છે. ભારતીય સંગીતકારોમાં ઉસ્તાદ અમીરખાં સાહેબ, ઉસ્તાદ બડે ગુલામઅલી ખાં, કુમાર ગંધર્વ, રોશનઆરા બેગમ, બેગમ અખ્તર મારાં પ્રિય છે. ફિલ્મ સંગીતકારોમાં મદનમોહન, અનિલ બિશ્વાસ, આર.ડી.બર્મન અને એ.આર. રહેમાનનાં ગીતો ગમે. એક સમયે નૂરજહાંનુ ગીત 'જવાં

> કંઠમાં જેટલી મીઠાશ છે એટલી જ મીઠાશ એમના વ્યક્તિત્વમાં છે. કિરાના ઘરાનાનાં આ બ્રિલિયન્ટ થિંકર, પરફોર્મર, કમ્પોઝર, લેખિકા અને કવયિત્રી પ્રભા અત્રેનું નામ આજે શાસ્ત્રીય સંગીતનાં દિગ્ગજ તરીકે લેવાય છે.

હૈ મુહોબ્બત...' હું બહુ ગણગણતી.

**પ્રિય લેખકોઃ** મેં મરાઠી સાહિત્ય જ વધારે વાંચ્યું છે એટલે મરાઠી લેખકોમાં જી.એ. કુલકર્ણી, પ્રહલાદ કેશવ અત્રેની ટૂંકી વાર્તાઓ, નારાયણ સીતારામ ફડકેની નવલકથા ખાસ ગમે છે. આ ત્રણે લેખકોની શૈલી, એમની કૃતિઓમાંનુ રોમેન્ટિસિઝમ અને ફિલૉસૉફિકલ પાસાં વધુ સ્પર્શે છે.

**પ્રિય કવિઓઃ** કુસુમાગ્રાજ, ઈન્દિરા સંત, શાંતા શેળકે અને સુરેશ ભટ્ટ. સુરેશ ભટ્ટ મરાઠી ગઝલ ખૂબ સારી લખે છે. એમની ગઝલો મેં ગાઈ છે.

**મનપસંદ વાનગીઃ** કેરી. કેરી બારેમાસ મળતી હોત તો કેટલું સારું થાત! એ સિવાય કોઈ પણ પ્રકારના ભજિયા બહુ ભાવે! બાકી રોજ તો વરણ-ભાતનું સાદું ભોજન પસંદ કરું.

**મનગમતું પરફ્યુમઃ** જોર્ડન, ઓપિયમ, વાયએસએલ પેરિસ અને ફાઈવ ચેનલ.

**તમારે માટે સ્ટ્રેસ બસ્ટર શું છે?ઃ** બેશક, સંગીત અને સંગીત જ. કાં તો હું ગાઉં અથવા માનસિક શાતા આપનારું સંગીત સાંભળું. ક્યારેક ટેલિવિઝન પણ તાણ દૂર કરવાનું કામ કરે!

**પ્રિય પ્રવાસસ્થળઃ** જ્યાં હરિયાળી હોય,



કુદરતી સૌંદર્યનો લખલૂટ ખજાનો હોય. નાનકડું મંદિર હોય એવી કોઈ પણ જગ્યા ગમે. પ્રોગ્રામ્સ આપવા હું દેશ-વિદેશ ફરી છું પણ મને ભારતનાં પ્રવાસસ્થળો વધુ ગમે છે. સોલાપુરમાં એક મઠ છે ત્યાં મને બહુ ગમે છે. બિલકુલ શાંત-સુંદર સ્થળ છે. કારવાર પણ ગમે.


**વીકએન્ડ કઈ રીતે વિતાવવો ગમે ?:** આમ તો એ આખા અઠવાડિયાનાં પેન્ડિંગ કામમાં જ જાય. પણ પસંદગીને અવકાશ હોય તો કોઈ સરસ જગ્યાએ જઈને કુદરતની સાથે સમય પસાર કરવો ગમે.

**તમારે માટે મનગમતી સાંજ એટલે?:** દરિયાકિનારે ટહેલવું. સાથે સંગીત હોય તો જલસો પડી જાય.

**પ્રેમ એટલે શું?:** ગમતી વ્યક્તિનું સારું-નરસું બધું જ સ્વીકારવા માંડે એ પ્રેમ છે. તમે એનો સંપૂર્ણતઃ સ્વીકાર કરો એ પ્રેમ છે. પ્રેમમાં સહનશક્તિની કસોટી હોય છે અને સર્વસ્વીકૃતિની અનુભૂતિ હોય છે. જેના માટે પ્રેમ હોય એને ક્યારેય છોડી ન શકાય.

**જીવનસાથીની કલ્પના શું છે તમારી?:** સાથે રહેવા છતાં પોતપોતાનું એકાંત અને સ્વાતંત્ર્ય સાચવે, વ્યક્તિત્વને ઓર નિખારે એવો સમજદાર અને સહૃદય સાથી ગમે. આ તો કલ્પના છે, વાસ્તવમાં તો મને એવો કોઈ જીવનસાથી મળ્યો નહીં પણ સંગીત સાથે હોય પછી કોઈ એકલું હોઈ શકે? (હસીને કહે છે)!

**જિંદગીમાં કોઈ ખેદ? : બહુ બધું શીખવું હતું જીવનમાં પણ માત્ર સંગીતને જ પ્રાધાન્ય આપવાથી શીખી ન શકી. ખાસ કરીને તરવાનું અને નૃત્ય. એ અફસોસ આજેય છે. કોઈક સરસ સંગીત સાંભળું તો મારા પગ થિરકવા લાગે અને પાણી જોઉં એટલે તરવાની ઈચ્છા થઈ આવે.**




**તમારા માટે સૌથી મૂલ્યવાન શું છે?** એક ઉત્તમ વ્યક્તિ તરીકે જિંદગી ગુજારવી.

**લોકો તમને કઈ રીતે યાદ રાખે તો ગમે?:** એક સારી કલાકાર અને સહૃદય મનુષ્ય તરીકે.

**લોકોની કઈ બાબત ગમતી નથી?:** પીઠ પાછળ બોલવાની આદત.

**તમારો કોઈ આદર્શ કે આદર્શ વ્યક્તિ:** કોઈ એકને આદર્શ બનાવીએ તો મર્યાદિત થઈ જઈએ. દરેકની સારપનો સ્વીકાર કરવો જોઈએ.

**પુનર્જન્મ જેવું કંઈક હોય તો શું બનવાનું પસંદ કરો?:** પ્રભા અત્રે જ.સંગીતનું આ જન્મનું કામ જ પૂરું નથી થવાનું એટલે એ અધૂરું કામ પૂરું કરવા માટે પણ મારે પ્રભા તરીકે જ જન્મ લેવો પડે ને ?



તુષાર શુક્લ



# આજના માહોલમાં કલાકારે કેવો અભિગમ રાખવો જોઈએ?

કલાક્ષેત્રે વ્યસ્ત કલાકારો અંગે આયોજકો અને ભાવકો ઉપરાંત કલાકારો સ્વયં ભાતભાતની ચર્ચાઓ કરતા હોય છે. એમાં આ ક્ષેત્રની પરિસ્થિતિ અને એના પ્રત્યેના અભિગમ અંગે વાતો થતી રહે છે. સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર, શિલ્પ... જાતજાતની લલિત કલાઓમાં પ્રવૃત કલાકારોની સંખ્યા વધી છે. એમાં પ્રજાને વધતી કલારુચિ અને કલા સાથે જોડાયેલ અર્થોપાર્જનની વધતી શક્યતા જવાબદાર છે. ટેલિવિઝન જેવા સમર્થ માધ્યમ દ્વારા યોજાતી સ્પર્ધાઓ અને એને કારણે વિશાળ જનસમૂહ સમક્ષ આવવાની તકનો લાભ કલાકારોને મળે છે. અલબત્ત, સ્પર્ધાઓમાં વિજેતા નક્કી કરવાની પદ્ધતિ ચર્ચાસ્પદ રહી છે. એ જ પ્રમાણે સ્પર્ધાને દર્શકો મળતા રહે તે માટેની રીતરસમો અને રજૂઆતની પદ્ધતિ અંગે પણ અણગમો છે. છતાં એ વાત સ્વીકારવી જ પડે તેવી છે કે આ સ્પર્ધાને કારણે નવી નવી પ્રતિભાઓ સામે આવે છે અને આ સ્પર્ધામાં ભાગ લેવાનો ઉત્સાહ હજી જરાય મંદ નથી પડ્યો. આ ઉત્સાહ માત્ર કલાકારોનો જ નહિ, એમનાં માતા-પિતા-વાલીનો પણ એટલો જ તીવ્ર જોવા મળે છે. અલબત્ત, આ સ્પર્ધાના પ્રારંભિક પસંદગી સમયે જોવા સાંભળવા મળતા કેટલાકની હાસ્યાસ્પદ રજૂઆત એમની કલાક્ષેત્ર અંગેની ગંભીરતા સામે જ પ્રશ્નાર્થ ખડા કરે છે પરંતુ, સ્પર્ધાના આયોજકો એના અંશનો પ્રસારણમાં સમાવેશ કરીને દર્શકોનું મનરંજન કરવા પ્રેરાય છે. તો વળી, ક્યારેક નિર્ણાયકોની શૈલી પણ ચર્ચાસ્પદ રહે છે.

આમ છતાં, આ બધાને કારણે વધતા વ્યાપ અને એને પહોંચી વળવા વધતી જતી કલાકારોની માંગ ધ્યાન ખેંચે તેવાં છે. અને સાથોસાથ આ ક્ષેત્રને ચર્ચાનો વિષય પણ બનાવે છે. આ સંદર્ભે થતી રહેતી, કાને પડતી ચર્ચાઓના કેટલાક વિષયોની 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ના માધ્યમથી તપાસવા છે. આજનો આ વિચાર-તાર કાંતવાની પ્રેરણા પણ મળી છે આવા જ એક મુદ્દા પરથી એના મૂળમાં છે વારંવાર કાને પડતા બે શબ્દપ્રયોગ 1)COMMERCIAL અને 2) PROFESSIONAL APPROACH. સાદું ભાષાંતર કરીએ તો ૧) વ્યાપારી અને ૨) વ્યાવસાયિક અભિગમ

કલાકારો આ બે અભિગમથી કામ કરતા હોવાનું ચર્ચાય છે. COMMERCIAL (વ્યાપારી) દૃષ્ટિકોણને ઊતરતો ગણાય છે. અને PROFESSIONAL (વ્યાવસાયિક) દૃષ્ટિકોણના વખાણ થાય છે. વ્યાપારી દૃષ્ટિકોણ અને વ્યાવયાયિક દૃષ્ટિકોણને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કરતાં જો સહેજ જાડું કાંતીએ તો સમજાય કે જ્યાં કલાકાર વ્યાપારી લાભ લેવા માટે કલાનો ઉપયોગ કરે તેને આપણે COMMERCIAL કહીશું. વ્યાપારી લાભ એટલે કે પોતાની કલાને ધનલાભ માટે એ રીતે ઉપયોગમાં લેવી કે જેમાં કલા ગૌણ રહે અને ધનલાભ જ કેન્દ્રમાં રહે. કોઈક વળી અતિરેક કરીને આ અભિગમને 'કલાને વેચવી' એવોય કરે છે. એમને એવું લાગે છે કે આ રીતે કલાકાર પોતાની કલા વેચીને રૂપિયા રળી લે છે, રોકડા કરી લે છે. એ કલાકારને મન કલા કરતા રૂપિયા વધારે મહત્ત્વના છે. આવા દૃષ્ટિકોણ સાથે પ્રવૃત કલાકારનું બધું જ ધ્યાન કેવળ અને કેવળ પૈસા પ્રાપ્તિ જ હોય

છે. અને ક્યારેક તો એ કલાના ભોગે પણ આમ કરે છે. કલાના સંતોષને ભોગે પણ આમ કરે છે. વ્યાપારી દષ્ટિકોણના કેન્દ્રમાં વ્યાપાર હોય. એમાં માંગ, પુરવઠો, તક અને કિંમતનું સમીકરણ કામ કરતું હોય છે. કલાકાર જ્યારે એનો લાભ લઈને કિંમત વસૂલે ત્યારે એનો અભિગમ વ્યાપારી ગણાય છે. વ્યાપારી અભિગમ હોય ત્યાં કલાકાર પૈસામાં બાંધછોડ નથી કરતા, અન્ય બાબતોમાં બાંધછોડની તૈયારી હોય છે. આમાં સ્થળ, સમય, વ્યવહાર, વાતાવરણ બધું જ આવી જાય. કલાને યોગ્ય વાતાવરણ ન હોય, પણ કિંમત ચૂકવવાની તૈયારી હોય ત્યાં આવા સમાધાનની તૈયારી એ વ્યાપારી ગણિત ગણાય છે. કોણ ભાવક છે, શું માંગે છે એની કોઈ તકેદારી કે એવા કોઈ જ આગ્રહ અહીં હોતા નથી. કલાકાર કેવળ પોતાનો ભાવ મળી જાય એ બાબતનો આગ્રહ રાખે છે; પછી જે ભાવક જે માંગે તે પીરસવાની એને ના નથી. એ અંગે એને કોઈ વાંધો કે વિરોધ હોતા નથી. એ 'ખરીદાવા' તૈયાર છે, જો એની માંગેલી કિંમત ચૂકવાય તો.

વ્યાવસાયિક દષ્ટિકોણ એટલે એવો દષ્ટિકોણ કે જેમાં કલાકાર પોતાની કલા અને એની કિંમત બંને વિષે ગંભીર હોય અને એના ગૌરવની રક્ષા કરવા પ્રતિબદ્ધ હોય એ પણ કિંમત તો માંગે છે પણ કલાના મહિમાની ઉપેક્ષા નથી કરતા. તે પણ ભાવક સમક્ષ પોતાની કલાસાધના રજૂ કરવા માંગે છે. પણ ભાવક કોણ છે અને એને શું જોઈએ છે તે વિષે પણ એના પોતાના માનદંડ હોય છે. એ ફરમાઈશનો આદર કરે છે પણ 'ફરમાસ' બનવાનું ટાળે છે. એ માને છે કે રજૂઆતનું મૂલ્ય હોય, પણ કલા તો અમૂલ્ય છે. એ ગમે તે અને ગમે ત્યાં રજૂ કરતાં નથી. વ્યાપારી અને વ્યાવસાયિક અભિગમમાં પ્રદર્શન–દર્શનનો ફેર પણ સમજાય. વ્યાવસાયિક દષ્ટિકોણ હોય ત્યાં સ્તરની બાબતે સમાધાન નથી. ગુણવત્તાની બાબતે બાંધછોડ નથી. મૂલ્ય શેનું છે અને શું અમૂલ્ય છે એની દષ્ટિ સ્પષ્ટ છે. વ્યાવસાયિક અભિગમ હોય ત્યાં આવા ધારાધોરણ બાબતનો આગ્રહ રખાય છે. કલાકાર પોતાના અધિકાર બાબતે પણ સ્પષ્ટ હોય છે. અહીં કેન્દ્રમાં કલા છે અને એના વિસ્તારમાં અર્થોપાર્જન છે. અહીં ઓળખ કલાની છે, કિંમતની નહિ. માંગ, પુરવઠો, તક અને કિંમતના બજારુ સમીકરણ વચ્ચે વ્યાવસાયિક અભિગમ સંતુલન સાધે છે. આદર્શ અને વાસ્તવ વચ્ચેનું વહેવારું ડહાપણ કલા અને કલાકાર બંનેના લાભમાં છે. હોઠ સુધી આવેલ પ્યાલો ઢોળાઈ જવા દેવામાં કે તરસનું ગૌરવ જાળવીને તૃષા છિપાવવામાં માર્ગની પસંદગી વ્યાવસાયિક અભિગમ છે. આવું જાડું કાંતીએ એટલે પાયાની ગેરસમજ ઊભી થાય કે વ્યાપારી અભિગમ અયોગ્ય છે અને વ્યાવસાયિક અભિગમ ઉત્તમ છે. વાસ્તવમાં કોણ વ્યાપારી અને શું વ્યાવસાયિક એ કોણ નક્કી કરે એજ ક્યાં નક્કી છે? હકીકતમાં તો આવાં અવલોકન કરનાર પોતે કઈ બાજુથી જુવે છે એના પર જ એનો આધાર રહે છે. જોનાર પોતાના દષ્ટિકોણથી જુવે છે અને પોતાના લાભ–ગેરલાભની માપપટ્ટીએ મૂલવે છે. એને જે અનુકૂળ એ વ્યાવયાચિક અને પ્રતિકૂળ એ વ્યાપારી!

**કલાકાર વ્યાવસાયિક સજ્જતા બાબતે સમાધાન કરે તે ન ચાલે, આ સજ્જતામાં કલાસાધના ઉપરાંતની અગત્યની બાબત છે, પ્રતિબદ્ધતા. પોતે જે કામ સ્વીકાર્યું, હાથમાં લીધું છે એને માટે પૂરે પૂરી પૂર્વવિચારણા કરીને જ જવાબદારી સ્વીકારવી જોઈએ. એને માટેની પોતાની ક્ષમતા અને પાત્રતા ઉપરાંત પોતાની અનુકૂળતાનો ય વિચાર કરવો જરૂરી.**

સહેજ ધ્યાનથી તપાસીએ તો સ્પષ્ટ થશે કે વાસ્તવમાં આ ભેદરેખા એકમેકમાં ભળતી આગળ વધે છે. કલાકારોને પેટ છે, પરિવાર છે, અને વર્તમાન જીવનવ્યવસ્થામાં એને માટે અને સુરક્ષિત ભવિષ્ય માટે અર્થોપાર્જન અનિવાર્ય છે. અને કલા અને કલાકારના ગૌરવ માટે પણ એનું સ્વાવલંબી અસ્તિત્વ આવકાર્ય છે. અભિગમ કોઈ પણ હોય, કલાકાર કિંમત તો માંગે જ. 'માંગ્યા વગર તો મા પણ ન પીરસે' અને 'બોલે તેના બોર વેચાય' એ ઉક્તિઓ પાછળ અનુભવનું ડહાપણ છે. આવા સંજોગોમાં કલાકાર ધનને લક્ષમાં તો રાખે જ છે, અને રાખવું પણ જોઈએ. એક સમયે અનેક વાહ વાહ ઝીલનારા અને સારું કમાનારા કલાકારો પૈસા ગુમાવ્યા પછી જે હાલતમાં મુકાય છે, તેનાં ઉદાહરણ ઓછાં નથી. આ સમયે એમનાં પરિવારજનો કલાકાર અને કલાપ્રવૃત્તિ બંને માટે અણગમો પ્રગટ કરે છે.

વ્યાપારી અને વ્યાવસાયિક અભિગમ વચ્ચે મહત્ત્વનો વિરોધ સમાધાનકારી અભિગમમાંથી જન્મે છે. પણ અહીં પણ બે દષ્ટિકોણ છે. સમાધાન દ્વારા કલારુચિ ઘડતરનો દષ્ટિકોણ હોઈ શકે છે. રજૂઆતના સ્તર સંદર્ભે થતા સમાધાન સમયે પણ આવો બચાવ પ્રસ્તુત થાય છે. તો વળી ક્યાંક એ આવશ્યકતા કે મજબૂરી પણ હોય છે.

## એ વેડફાતો નથી, ઊગી નીકળે છે અને સમૃધ્ધ કરે છે

**વ્યાપારી કે વ્યાવસાયિક અભિગમનો અર્થ, માત્ર અને માત્ર અર્થોપાર્જન સંદર્ભે મૂલવવાને બદલે, કલાકારની કલાસાધના, કલાદષ્ટિ, એની સર્જનાત્મકતા, એની સજ્જતા, એની પ્રસ્તુતિ સંદર્ભે તપાસવો જરૂરી છે. કલાકારે પોતાના પેટ કે પરિવારને માટે કલાના જે ક્ષેત્રને અપનાવ્યું છે એમાંથી રૂપિયા રળવા સામે વાંધો ન હોય. એણે એની પાછળ ખર્ચેલા સમય અને નાણાનું વળતર ઇચ્છે તો એનો પણ વિરોધ ન હોય. પરંતુ ક્યારેક કલાકાર ઓછા કે વધારે સજ્જ- માત્ર અને માત્ર પોતાને મળવા પાત્ર કે પોતે ઇચ્છયા હોય તેવા પૈસાને જ કેન્દ્રમાં રાખે અને પોતાની કલાસાધના અને સજ્જતા બાબતે બેપરવા કે બેદરકાર બને ત્યારે વિચારવું ઘટે. કલાકારે પોતાની ક્ષમતા વધારવા, પોતાનાં કૌશલ્યોને સતેજ રાખવા સતત જાગૃત રહેવું ઘટે, સતત મથવું પડે, રીયાઝ કરવો પડે, અને આ પણ એક પ્રકારનું INVESTMENT જ છે ને! વ્યવહાર જગતની ભાષામાં જ આ વધારે સ્પષ્ટ બનવાનું! રીયાઝ માટે ફાળવેલો સમય એ સજ્જતાની ધાર કાઢવા માટે ખર્ચેલો સમય છે. એ વેડફાતો નથી, ઊગી નીકળે છે. અને સમૃધ્ધ કરે છે. આ સમૃદ્ધ સજ્જતાની બજાર-કિંમત પણ વધે જ છે. વ્યાજ ઉમેરાતું જાય ને, એવું જ! બાકી, સૂંઠને ગાંગડે ગાંધી થવા નીકળનારની હાટડીએ હટાણું ય એટલું જ થાય!**

ધનને કેન્દ્રમાં રાખીને થતી વાટાઘાટો કે પ્રસ્તુતિ જ્યારે કલાસાધનની મર્યાદાને ઢાંકવા થતી હોય ત્યારે એ વિષે કલાકારે જ સૌ પ્રથમ જાગૃત બની આ મર્યાદા અતિક્રમવા સજ્જ બનવું જોઈએ. પોતાની અણઆવડત છતી થતી રોકવા માટેના સમાધાન ઘણી વાર ધ્યાને ચડે છે. મર્યાદિત સૂઝ–સમજને બિલોરી કાચ પાછળથી ‘છે તેના કરતાં વિશેષ’ દર્શાવવાની રીતને કુશળતા કહેવી કે છેતરપિંડી, તેનો નિર્ણય સુજ્ઞ વાચક પર જ! માલ વેચવાનાં ઉતાવળ કે ઉત્સાહના અતિરેકમાં માલની ગુણવત્તા પ્રત્યેની બેદરકારી ચાલે ત્યાં સુધી જ! લાંબા સમયે એની અસર શાખ ઉપર અને બજાર ઉપર વરતાયા વગર ન રહે, અને ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય એમ બને.

કલાકાર વ્યાવસાયિક સજ્જતા બાબતે સમાધાન કરે તે ન ચાલે, આ સજ્જતામાં કલાસાધના ઉપરાંતની અગત્યની બાબત છે, પ્રતિબદ્ધતા. પોતે જે કામ સ્વીકાર્યું, હાથમાં લીધું છે એને માટે પૂરે પૂરી પૂર્વવિચારણા કરીને જ જવાબદારી સ્વીકારવી જોઈએ. એને માટેની પોતાની ક્ષમતા અને પાત્રતા ઉપરાંત પોતાની અનુકૂળતાનો ય વિચાર કરવો જરૂરી. કલાકારની મુશ્કેલી એ છે કે એની કલાસાધના એને એટલો આત્મવિશ્વાસ નથી આપતી કે એ એના બળે આવતીકાલે પણ ટકી શકશે. આથી જ એ જ્યાંથી, જેટલું ને જે મળ્યું તે અંકે કરી લેવા મથે છે. પરિણામે પોતાના વાસ્તવિક ગજા ઉપરવટ જાય છે. અને એને કારણે, પોતે લીધેલા કામને ન્યાય આપવામાં નિષ્ફળ જાય છે, અને જે એક કામ સારું થઈ શકે તેમ હોય એમાંય વેઠ વાળે છે. ચાલુ કાર્યક્રમે મોબાઇલ ફોન પર બીજા કાર્યક્રમો સંદર્ભેની વ્યસ્તતા પણ સમાંતરે ચાલતી જ રહે છે. જેની અસર ચાલી રહેલી રજૂઆત પર થયા વગર રહેતી નથી. રીયાઝ અને રીહર્સલ બંને સંપૂર્ણ ધ્યાન માંગે છે. એમાં અધકચરું કે ઉભડક ન ચાલે. અન્યથા એની અસર રજૂઆત પર પડે જ છે. યુદ્ધની ખરાખરીની પળે રથનું પૈડું ખૂંપવા લાગે અને વિદ્યા સાથ ન આપે. અતિરેક વર્જ્ય છે. અતિ વ્યસ્તતા પણ થકવે છે. શરીર અને મન બંનેને મર્યાદા છે. ચોવીસ કલાક પાસેથી પચીસ કલાકનું કામ ન લેવાય, એવા પ્રયત્નની અસર પડ્યા વગર ન રહે. આજે કદાચ તમારી ઉપસ્થિતિની અનિવાર્યતાના કારણે અથવા સુજ્ઞ ભાવકોની ગેરહાજરીને કારણે આવી કોઈ રજૂઆત ચાલી ય જાય... પણ કાલે એ બુમરેંગ થઈને પાછી આવે જ છે. અહંકાર કે અધિકારના આંધળા પાટા ઊતરે ત્યારે કે કોઈ ઉતરાવે ત્યારે કે જાતે જ ઉતારવા પડે ત્યારે સામે રહેલી વરવી વાસ્તવિક્તા સહન કરવી મુશ્કેલ પડે છે. એ ઉપરાંત, એક સાથે અનેક ઘોડાનો અસવાર થનાર વાસ્તવમાં ક્યાંય પહોંચતા નથી. પોતાનું જે પેટ ભરે છે એ જ કલાને આ અન્યાય છે, એ જ કલાનું આ અપમાન છે. અકરાંતિયાની જેમ ખાવું અને ચાવી ચાવીને ખાવું એની વચ્ચેનો આ ફેર છે. ચાવીને ખાવ એ પચે, પચે એનું લોહી થાય, શક્તિ વધે અને વધારે કામ થાય. ચાવ્યા વગર જ ઝડપભેર, વધુમાં વધુ ને જે મળ્યું તે પેટમાં ઉતારવાનું શું પરિણામ આવે એ સમજાય તેવું છે.

વ્યાવસાયિક અભિગમ એટલે પોતાના કામ પ્રત્યેની નિષ્ઠા, પ્રામાણિકતા, કટિબદ્ધતા. પોતે જે કામ સ્વીકાર્યું છે એને પોતાની શક્તિ–મતિ પ્રમાણે પોતાનું સર્વોત્તમ પ્રદાન કરવાનો પ્રયત્ન. જે સંભવ ન હોય તેનો આરંભે જ સવિનય અસ્વીકાર. પોતાને કે કોઈનેય અંધારામાં ન રાખતાં, જે શક્ય હોય તેનો અને તેટલો જ સ્વીકાર. અન્યથા એક અસત્યમાંથી બીજું ને એમાંથી

ત્રીજું... ગરજવાન કદાચ એ ચલાવી તો લેશે, પણ એ પોતાની અનિવાર્યતા જેવું મિથ્યાભિમાન જન્માવશે અને એ લઈને જ ડૂબશે. પોતાની નાવમાં પોતાના હાથે જ કાણું કરવું કે વજન વધારવું એ શાણા સુકાનીનું લક્ષણ નથી. સર સલામત તો ઘણીબધી પાઘડીઓ પહેરવાની તક રહેવાની. પણ, કલાકાર અસલામતી અને અનિશ્ચિતતાથી ઘેરાયેલો રહે છે અને પરિણામે 'પોતાના દશકા'માં રળી લેવા માંગે છે. વધતી જતી સ્પર્ધા સામે સજ્જ થવા કરતાં આ ટૂંકો રસ્તો એમને વધારે લલચાવે છે. હાથે તે સાથે! પણ, જો હાથ જ નહિ રહે તો સાથે પણ શું રહેશે? અને જે છે એ ય કઈ રીતે માણી શકાય? સ્વગતિ નિયંત્રણ એ લક્ષ સુધી પહોંચાવામાં ઉપયોગી થાય છે. અતિગતિને રોકનારા ઘણાં છે. અને અનિચ્છાએ રોકાવતું દુઃખ અને અપમાન બેચેન કરે છે. કલાકારનો વ્યાવસાયિક અભિગમ એને પોતાની રોજીરોટીના ક્ષેત્ર પરત્વે, સાથી કલાકારો પરત્વે, આયોજકો અને ભાવકો પરત્વે સત્યનિષ્ઠાપૂર્વક વર્તવા પ્રેરે અને એ એના લાભમાં જ છે. એને કારણે ઊભી થયેલી છબી


**પરંપરાગત કલાઓમાં પણ નવા કલાસાધકો આવતા જ રહે છે અને પ્રયોગો પણ થતા જ રહે છે. પરંપરા સાચવવા મથનારાએ પણ મશાલ પછીની પેઢીને આપવી જ પડશે. મશાલ સાથે બળી જવામાં કે મશાલને બૂઝાવા દેવામાં ડહાપણ નથી. અહીં જે કાલે હતા તે આજે નથી. આજે છે તે કાલે નહિ હોય. કાલે હશે તે પછી નહિ હોય.**

સન્માન અને લાંબા સમય સુધી કામ આપે છે. અને એ ન મળે ત્યારે પણ ભીતરનો સંતોષ આપે છે. પોતાના કાર્યક્ષેત્રમાં પોતે ઊભી કરેલી સુવાસ કદી એળે નથી જતી. એ પરિવારને ય ઉપયોગી થાય છે.



કલાનું ક્ષેત્ર નિત્ય પરિવર્તનશીલ છે. અહીં, પ્રવાહો બદલાતા રહેવાના. રુચિ પણ બદલાતી રહેવાની. રજૂઆત પણ બદલાતી રહેશે. આથી આ ક્ષેત્ર નિત્યનૂતના છે. પરંપરાગત કલાઓમાં પણ નવા કલાસાધકો આવતા જ રહે છે અને પ્રયોગો પણ થતા જ રહે છે. પરંપરા સાચવવા મથનારાએ પણ મશાલ પછીની પેઢીને આપવી જ પડે છે. મશાલ સાથે બળી જવામાં કે મશાલને બૂઝાવા દેવામાં ડહાપણ નથી. અહીં જે કાલે હતા તે આજે નથી. આજે છે તે કાલે નહિ હોય. કાલે હશે તે પછી નહિ હોય. આથી, આ ક્ષેત્રમાં નવાના આગમનની સચ્ચાઈ સમજીને સ્વીકારવી અને પોતાના સમયમાં પોતાનું ઉત્તમ, પૂર્ણપ્રામાણિકતા અને આવશ્યક રિયાઝ સાથે સતત સમયબદ્ધ આપી જવું. અનિશ્ચિતતા કે અસલામતીનો ઉકેલ માત્ર અને માત્ર આ સમયગાળાનો સમજણપૂર્વક ઉપયોગ છે. શરીર અને મનની શક્તિમર્યાદાને ઓળખીને થતું આયોજન છે. ધનની આવશ્યકતા તો રહેવાની જ, પણ એ વધુ કમાવાની રીત પણ ઓળખવી જરૂરી. ઊંચકી ન શકાય તેનું વજન તો ચાલનારને જ ચગદે. નાણાંની અપેક્ષાની ના ન હોય, પણ એનું શ્રેષ્ઠતમ વળતર પોતાના પ્રામાણિક વાણી, વર્તન અને વ્યવહારથી ચૂકવવાની જવાબદારી છે.

કલાકારના અભિગમને વ્યાપારી કે વ્યાવસાયિક જે ગણાય તે, પણ જે કલાકાર પોતાના કામ પ્રત્યેની નિષ્ઠા સાબિત કરે છે તે સન્માન પામે જ છે, આજે નહિ તો કાલે. અને બધું આજે જ પામી લેવાની ઉતાવળને બદલે થોડુંક કાલ માટે રાખવાની ધીરજ કેળવવાનાં ફળ મીઠાં જ મળે છે. ગણતરી વ્યાપારી હોય કે વ્યાવસાયિક કમાણી કરવાની રીત જ લાંબાગાળા સુધી સક્રિય અને સફળ બનાવે છે.




## યશગાથા ગુજરાતની

ગુજરાત વિશેનાં કાવ્યો–ગીતોનું આ સંપાદન એક વિશિષ્ટ અંદાજથી થયેલું છે. કેટલાંક પ્રાચીન કાવ્યો એમાં છે તો કેટલાક તદ્દન નવાં કાવ્યો આ પુસ્તકમાં સામેલ કર્યાં છે. ગુજરાતની ભૂમિનો ગરબો, ઈતિહાસ અને તેની સાત્ત્વિક સંસ્કૃતિ પ્રત્યેક કાવ્યમાં પ્રતિબિંબિત થાય છે. ખૂબીની વાત એ છે કે, દરેક કાવ્યની સાથે સંપાદક રોહિત શાહે સંક્ષેપમાં કાવ્યની સંવેદનાને સમજૂતીરૂપે મૂકી છે. ગીત–સંગીતના રસિયાઓને ગાયન માટે અનુકૂળ થઈ પડે એવાં કાવ્યો પણ એમાં છે.

**'ભગવાન જાણે! ભગવાને શું આ ધરતીમાં ભાળ્યું,**
**કે નિજ શાસન પુરી-મથુરાનું અહીં લાવીને ઢાળ્યું!'**


શ્રી કૃષ્ણને જ્યાં આવીને વસવાનું મન થયું એવા ગુજરાતની યશગાથા ગાવાનું મન થાય તો આ પુસ્તક જરૂર વસાવજો.

**સંપાદકઃ રોહિત શાહ, પ્રકાશકઃ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**પૃષ્ઠઃ ૧૩૬**
**કિંમતઃ ₹ ૧૦૦**


## Welcome to Ahmedabad

અમદાવાદનો ઈતિહાસ, તેનાં જોવાલાયક સ્થળો, અમદાવાદની પ્રજાનો મિજાજ અને તેની પ્રકૃતિ, અમદાવાદની પોળોની રોમાંચક માહિતી, ખરીદી માટેનું ગાઈડન્સ આ બધું અંગ્રેજી ભાષામાં ખાસ એન.આર.આઈ. વાચકો માટે આ ગ્રંથમાં સમાવ્યું છે. સંપૂર્ણ ગ્રંથ આર્ટપેપર–મલ્ટીકલર પ્રિન્ટિંગથી સજાયેલો છે. પાને પાને અમદાવાદના વૈવિધ્યસભર ફોટોગ્રાફ્સ છે, છેલ્લામાં છેલ્લી માહિતીથી અપ–ડેટ થયેલો આ ગ્રંથ ખુદ અમદાવાદમાં વસતાં નાગરિક માટે ય વિસ્મય જગાડશે, એનેય ઘણું જોવાનું–જાણવાનું હજી બાકી છે તેનો એને ખ્યાલ આવશે. ગુજરાતી વાચકો માટે તો માણેકભાઈ પટેલે 'આ છે અમદાવાદ' જેવો બૃહદગ્રંથ લખ્યો જ છે, પરંતુ વિદેશથી આવતા ટુરિસ્ટો તથા અંગ્રેજી માધ્યમમાં ભણેલા લોકો માટે આ અંગ્રેજી ગ્રંથ ખૂબ માવજતપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે.

**લેખક ડૉ. માણેક પટેલ 'સેતુ'**
**પ્રકાશકઃ ગૂર્જર પ્રકાશન**
**પૃષ્ઠઃ ૧૮૦ કિંમતઃ ₹ ૬૦૦**



# 'શ્યામ તને લખવો છે કાગળ' પુસ્તક અને ઓડિયો સીડીનું વિમોચન...



ડૉ. નિભા હરિભક્તિના કૃષ્ણપ્રીતિમાં રચાયેલાં કાવ્યોનું-પુસ્તક અને ઑડિયો સીડી 'શ્યામ તને લખવો છે કાગળ'ના વિમોચન પ્રસંગે ડાબેથી ડૉ. સંજીવ હરિભક્તિ, શ્યામલ મુનશી, પૂજ્ય સમાનંદ સરસ્વતીજી, ગૌરાંગ વ્યાસ, તુષાર શુક્લ, સૌમિલ મુનશી અને ડૉ. નિભા હરિભક્તિ.

કવયિત્રિ ડૉ. નિભા હરિભક્તિના કૃષ્ણપ્રીતિમાં રચાયેલાં કાવ્યોનું-પુસ્તક અને ઑડિયો સીડી 'શ્યામ તને લખવો છે કાગળ'નું વિમોચન ૧૨ ઑગસ્ટના રોજ અમદાવાદ ખાતેની પ્રકાશ હાઈસ્કૂલનાં ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું. પુસ્તકનું વિમોચન પૂજ્ય સમાનંદ સરસ્વતીજી અને કવિ તુષાર શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ઑડિયો સીડીનું વિમોચન ગૌરાંગ વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું. 'શ્યામ તને લખવો છે કાગળ' ઑડિયો સીડીમાં સમાવિષ્ટ ભાવભર્યા કૃષ્ણગીતોને મધુર સંગીત શ્યામલ-સૌમિલ મુનશીએ આપ્યું છે. અને ડૉ. નિભા હરિભક્તિની વાત્સલ્યસભર કવિતાઓને સુમધુર કંઠ સાધના સરગમ, નિશા કાપડિયા, ગાર્ગી વોરા, દર્શના ઠક્કર, સચિન લિમયે, અનિકેત ખાંડેકર, નમ્રતા શોધન, આરતી મુનશી અને સૌમિલ મુનશીનો સાંપડ્યો છે. આ કાર્યક્રમ જાગૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. જેનો હેતુ સમાજના જરૂરિયાતમંદ-શારિરીક અને માનસિક વિકલાંગ વ્યક્તિઓ અને દર્દીઓ માટે કાર્યરત છે. આ પુસ્તક અને ઓડિયો સીડીના વેચાણ દ્વારા મળેલ રકમ જાગૃતિ ફાઉન્ડેશનને અર્પણ કરવામાં આવશે. વેચાણ દ્વારા મળેલ રકમ જાગૃતિ ફાઉન્ડેશનને અર્પણ કરવામાં આવશે.

**કૃષ્ણગીતોને મધુર સંગીત શ્યામલ-સૌમિલ મુનશીએ આપ્યું છે. અને ડૉ. નિભા હરિભક્તિની કવિતાઓને સુમધુર કંઠ સાધના સરગમ, નિશા કાપડિયા, ગાર્ગી વોરા, દર્શના ઠક્કર, સચિન લિમયે, અનિકેત ખાંડેકર, નમ્રતા શોધન, આરતી અને સૌમિલ મુનશીનો સાંપડ્યો છે.**



ડૉ. નિભા હરિભક્તિ અને પૂર્ણિમા હરિભક્તિ

# શ્રેષ્ઠ ફિલ્મસંગીત માટે શ્યામલ-સૌમિલને અપાયો સિને ઐશ્વર્ય એવોર્ડ



શ્યામલ-સૌમિલને સિને ઐશ્વર્ય એવોર્ડથી સન્માનિત કરી રહેલાં સંગીતકાર ભૂપેન્દ્ર પટેલ તથા જનાર્દન રાવલ

તા. ૧૧ ઑગસ્ટ ૨૦૧૨ની સાંજ એ ગુજરાતી કલાજગત માટે યાદગાર બની ગઈ. અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરનાં ભવ્ય ઓડિટોરીયમમાં 'એ.કે.ઓવરસીઝ પ્રથમ સિને ઐશ્વર્ય ઍવોર્ડ'– ગુજરાતી, ૨૦૧૧–૧૨ યોજાયો. આ ઍવોર્ડ સમારંભમાં તા.૧ જુન–૨૦૧૧ થી ૩૧ મે ૨૦૧૨ વચ્ચે રિલીઝ થયેલી લગભગ ૪૯ જેટલી ફિલ્મોના પ્રીવ્યુ કરી, નિષ્ણાંત નિર્ણાયક કમિટી દ્વારા ૨૭ કેટેગરીના નોમીનેશન તૈયાર કરવામાં આવ્યા હતા. અને ૨૭ વિજેતાઓને એવોર્ડ અર્પણ કરી તેમના કાર્યને બિરદાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ અવસરે ગુજરાતી, હિન્દી ગીત–ગઝલ માટે મનહર ઉધાસ, લોકસંગીતને પોતાના કંઠ દ્વારા ધબકતું રાખનાર ગુજરાતી ફિલ્મોના પાર્શ્વગાયક પ્રફુલ્લ દવે, વર્ષોથી અવિરત ગુજરાતી ફિલ્મોનું સતત નિર્માણ કરનાર નિર્માતા–દિગ્દર્શક ગોવિંદભાઈ પટેલ, ભવાઈથી શરૂ કરી હિન્દી પડદા સુધી ગુજરાતીઓનું ગૌરવ વધારનાર અને 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' ફેઈમ 'નટુકાકા' એવા ઘનશ્યામ નાયક તેમજ ગુજરાતી ફિલ્મોના ચરિત્ર અભિનેતા દેવેન્દ્ર પંડિત જેવા દિગ્ગજોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ગુજરાતી ટેલિવિઝનનાં બેસ્ટ

### પ્રથમ ફિલ્મસંગીતમાં જ મેળવ્યો એવોર્ડ

**શ્યામલ-સૌમિલ મુનશીએ ગુજરાતી ફિલ્મ 'ભલે પધાર્યાં વેલકમ ટુ ગુજરાત'માં પ્રથમવાર જ સંગીત આપ્યું અને તેમને સિને ઐશ્વર્ય શ્રેષ્ઠ સંગીતકાર એવોર્ડ પ્રાપ્ત થયો છે. અત્યાર સુધીની ગુજરાતી ફિલ્મો કરતાં આ ફિલ્મમાં શ્યામલ-સૌમિલ દ્વારા અલગ પ્રકારનું મ્યુઝિક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમના મ્યુઝિકમાં આજની યુવાપેઢીને આકર્ષે તેવું ફ્યુઝનનું પણ ઉમેરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફિલ્મના ગીતો પણ જાણીતા કવિ અને સંચાલક તુષાર શુક્લ દ્વારા લખવામાં આવ્યા હતાં. ફિલ્મની સિચ્યુએશનને લઈને લખાયેલાં ગીતો સુગમસંગીત અને કાવ્યસંગીત સમારોહમાં પણ ગાઈ શકાય તેવા મધુર બન્યા છે. તુષાર શુક્લને પણ 'ભલે પધાર્યા-વેલકમ ટુ ગુજરાત' માટે સિને ઐશ્વર્ય શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો એવોર્ડ મળ્યો છે.**

એન્કર તરીકે ગુજરાત ન્યૂઝના લોકમંચના એન્કર દેવાંગ ભટ્ટ અને ઈ.ટીવી ગુજરાતીના એન્કર ગીતા મહેતાનું પણ સન્માન કરવામાં આવ્યું. સાથે ગુજરાતી લોકસંગીતના ઍવોર્ડને સ્વ.પ્રાણલાલ વ્યાસનાં નામ સાથે જોડીને પદ્મશ્રી દિવાળીબેન ભીલ અને હાજી રમકડું ને સ્વ. પ્રાણલાલ વ્યાસ સિને ઐશ્વર્ય લોકસંગીત લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ અને એજ રીતે ગુજરાતી સુગમસંગીતના ઍવોર્ડને સ્વ. દિલીપ ધોળકિયાના નામ સાથે જોડી આશિત દેસાઈ અને હર્ષદા રાવલને સ્વ. દિલીપ ધોળકિયા સિને ઐશ્વર્ય સુગમ સંગીત લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાતી લોકસાહિત્યના ઍવોર્ડને સ્વ. કાનજી ભુટા બારોટના નામ સાથે જોડી લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીને સ્વ. કાનજી ભુટા બારોટ સિને ઐશ્વર્ય લોકસાહિત્ય લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડ અને ગુજરાતી ચલચિત્ર ક્ષેત્રે પી.ખરસાણી અને પલ્લવીબહેન મહેતાને લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવોર્ડથી સન્માનવામાં આવ્યા.

ગુજરાતી ફિલ્મોના હાસ્યકલાકારના ઍવોર્ડને સ્વ. રમેશ મહેતાના નામ સાથે જોડી સ્વ. રમેશ મહેતાનું પણ નામ જીવંત રહે તેવો પ્રયત્ન સમારંભમાં કરવામાં આવ્યો.

ઍવોર્ડમાં 'દિલ દોસ્તી ને દુશ્મની', 'દિકરી ના દેશો કોઈ પરદેશ', 'પ્રીતમ આપણી પહેલી પ્રીત' અને 'વીર હમીરજી' જેવી ગુજરાતી ફિલ્મોએ નોંધપાત્ર નોમિનેશન મેળવ્યાં.

ચરિત્ર અભિનય માટે અરવિંદ રાઠોડ અને જૈમીની ત્રિવેદી, સહાયક અભિનય માટે હીતેનકુમાર અને સોનિયા શાહ, શ્રેષ્ઠ ખલનાયક–ફિરોઝ ઈરાની, શ્રેષ્ઠ ગીતકાર–તુષાર શુક્લ, શ્રેષ્ઠ સંગીતકાર–શ્યામલ સૌમિલ મુનશી, ગાયક તરીકે દિપક જોષી અને કવિતા દાસ, છબીકલામાં હિતેશ બેલદાર, સંકલનમાં અનિલ પાટીલ, નૃત્ય માટે મહેશ બલરાજ, ફાઈટ માટે ઈલ્યાસ શેખ, બાળકલાકાર તરીકે દેવ જોષીને સન્માનવામાં આવ્યા.



તુષાર શુક્લને પણ 'ભલે પધાર્યા-વેલકમ ટુ ગુજરાત' માટે સિને ઐશ્વર્ય શ્રેષ્ઠ ગીતકાર તરીકેનો એવોર્ડ મળ્યો છે.

શ્રેષ્ઠ અભિનેતા તરીકે ફિલ્મ 'દિલ દોસ્તી ને દુશ્મની' માટે જીત ઉપેન્દ્ર અને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે ફિલ્મ 'ભલે પધાર્યા–વેલકમ ટુ ગુજરાત' માટે સીમરન ખન્ના ને વિજેતા જાહેર કરવામાં આવ્યા. તો શ્રેષ્ઠ દિગ્દર્શનમાં 'દિકરી ના દેશો કોઈ પરદેશ'ના પીઢ દિગ્દર્શક સુભાષ શાહ અને શ્રેષ્ઠ ફિલ્મ માહી પ્રોડકશન્સની 'વીર હમીરજી–સોમનાથની સખાતે' મેદાન મારી ગયા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસીડન્ટ અને રાજ્યસભાના સભ્ય પરીમલ નથવાણી, જૈન જ્યોતીષ આચાર્ય પૂ. શ્રી. ૐ ઋષી પ્રિતેશભાઈ શાહ, અમદાવાદના માનનીય મેયર હસિતભાઈ વોરા, રાજકોટના માનનીય મેયર જનકભાઈ કોટક, ભા.જ.પ ના અમદાવાદ શહેર પ્રમુખ અને એલીસબ્રીજ વિસ્તારના ધારાસભ્ય રાકેશભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય ભવાનભાઈ ભરવાડ, ગાંધી કોર્પોરેશનના હેમુભાઈ ગાંધી, અમલભાઈ ગાંધી, શ્રી સત્ય સેવા સાંઈ ટ્રસ્ટના ટ્રસ્ટી અને આરપાર મેગેઝિનના સંચાલક મનોજભાઈ ભીમાણી અને મહેન્દ્રભાઈ શાહ, જેડ બ્લુના જિતેન્દ્ર ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતી ફિલ્મોના પીઢ અને અનુભવી એવા નરહરિ વ્યાસ, સુશીલ વ્યાસ, સી.એમ.પટેલ, અશોક પટેલ, ભુપેન્દ્ર પટેલ, ઘનશ્યામ આચાર્ય (વ્હાલો)એ નિર્ણાયક તરીકે તેમની ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી.

આર.જે. કૃપા ત્રિવેદી, મનન દેસાઈ અને આરતી પટેલ દ્વારા કાર્યક્રમનું સુંદર સંચાલન કરવામાં આવ્યું. સમગ્ર સમારંભનું આયોજન સિને ઐશ્વર્યના અમીત આચાર્ય અને અભિલાષ ઘોડાએ કર્યું હતું.

કાર્યક્રમમાં જાણીતા કોરીયોગ્રાફર ધર્મેન્દ્ર માલવીના નિર્દેશનમાં જાણીતા કલાકારો ભરત બારીયા, ધારશી બરડીયા, દિપક જોષી, આયુષ જાડેજા, અક્ષય પટેલ, ચંદન રાઠોડ, કિરણ આચાર્ય, નીશાંત પંડ્યા, દિશા પટેલ, ધવલ મેવાડા, દિપાંગી રાવલ તથા હીતેન કુમાર અને રોમા માણેકના જીવંત પરફોર્મન્સે ચાર ચાંદ લગાવી દીધા.



તુષાર શુક્લ



# મોરલી તો ચાલી રંગ રુસણે રે...
# નરદમ નરવો ગુજરાતી ટહુકો સરોજ ગુંદાણી

HMV સ્ટુડિયોમાં ૭-૮ વર્ષની નાની બાળકી ગાઈ રહી હતી. પ્રસંગ હતો રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની સુપ્રસિદ્ધ નવલકથા ‘વેવિશાળ’ પરથી બની રહેલી ફિલ્મના ગીતના ધ્વનિમુદ્રણનો. અચાનક સ્ટુડિયોમાં પ્રવેશ્યા સંગીત જગતના દંતકથારૂપ નાયક સ્વ. કે. એલ. સાયગલ.. અને એમણે આ બાળકીને ગાતી સાંભળીને પોતાની પ્રસન્નતાને આશિષ રૂપે વ્યક્ત કરતાં બાળકીની મા ને કહ્યું કે, ‘આ દીકરીનું ભવિષ્ય સંગીતક્ષેત્રે, ઉજ્જવળ છે’..

સાયગલ સાહેબના આશિષ પામેલી એ બાળકી એટલે આપણા જાણીતા ગાયિકા સરોજબહેન ગુંદાણી.

સરોજબહેનનો જન્મ સૌરાષ્ટ્રના ચોટીલા ગામે તા. ૭મી મે, ૧૯૩૮ના રોજ... પણ એમનું બાળપણ વીત્યું મુંબઈમાં. મુંબઈની મરાઠી-ગુજરાતી શાળામાં એમણે પ્રાથમિક અભ્યાસ કર્યો. બાળપણથી જ સંગીત પ્રત્યેની રૂચિ જોઈને માતાએ મુંબઈના પ્રખર ગાયક ગુરુ શ્રી.પી.મધુકર પાસે સંગીત શીખવા મૂક્યા ત્યારે સરોજબહેન પાંચ જ વર્ષનાં. પછી તો ગુરુજી ઘેર આવીને શીખવતા. સરોજબહેનને સંગીત ઉપરાંત નૃત્ય તરફ પણ લગાવ, એમની નૃત્ય અને સંગીતસાધનાને કારણે એ શાળામાં પણ જાણીતાં હતાં.

સરોજબહેને માત્ર સાત વર્ષની ઉંમરે ફિલ્મ ‘કૃષ્ણ સુદામા’માં સુદામાની દીકરીનો નાનકડો રોલ પણ ભજવ્યો. અને ‘વેવિશાળ’માં પણ નાનકડી ભૂમિકા ભજવી, પણ એમનો મૂળ શોખ હતો સંગીતનું ક્ષેત્ર,

**સરોજબહેનની સંગીતસફર સામા પ્રવાહની સફર રહી છે. પ્રતિકૂળ પવનો વચ્ચેની એક મધ્યમ વર્ગીય ગૃહિણીની સંઘર્ષયાત્રા છે. સંગીત એમનો શોખ જ નહીં, જીવનનિર્વાહ માટેનું વરદાન પણ સિદ્ધ થયું છે. આસપાસના અવળા પ્રવાહો વચ્ચે પોતાને માટે સ્વીકૃતિનું વાતાવરણ ઊભું કરવાનું કઠિન કામ એમણે પોતાની સ્વરસાધના અને અડગ નિર્ધારથી પાર પાડ્યું છે.**

આ ક્ષેત્રમાં એમની સ્વરસાધના ચાલતી હતી ત્યારે જ, માતાની નાદુરસ્ત તબિયતને કારણે એમને મુંબઈ છોડવું પડ્યું. મુંબઈની ભેજવાળી હવા, અસ્થમાના રોગી માતાને પ્રતિકૂળ હતી. એટલે તેઓ અમદાવાદ આવ્યાં.

મુંબઈ છોડીને અમદાવાદ આવવા છતાં સંગીતનો સાથ ન છૂટ્યો. ૧૩ વરસની ઊંમરે આદિત્યરામ ઘરાનામાં સંગીતસાધનની તક મળી. ગુરુ કાળીદાસ બી.જોશી પાસે એમની તાલીમ શરૂ થઈ અને માત્ર ૧૩ વરસની ઉંમરે સંગીત વિશારદની ડિગ્રી, ગોલ્ડ મેડલ સાથે મેળવી. આખા ગુજરાતમાં સરોજબહેન પ્રથમ. કાળીદાસભાઈના ભારતી સંગીતમંદિર’નાં વિદ્યાર્થીની સરોજબહેનને કાળીદાસભાઈએ પોતાની પુત્રવધૂ તરીકે પસંદ કર્યાં અને ૧૩ વરસે એમના લગ્ન પણ થઈ ગયાં!

સરોજબહેન સાથેની વાતચીતમાં એમની

સંગીતયાત્રામાં આકાશવાણીનો ઉલ્લેખ થયા કરે છે. આકાશવાણીનાં પ્રસારણો દ્વારા એમના કંઠનું માધુર્ય જન જન સુધી પહોંચ્યાનું તેઓ કહે છે. આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર પરથી રજૂ થતાં બાળકાર્યક્રમ, 'રંગ રંગ વાદળિયા'માં તેઓ બેબી સરોજ તરીકે ગાતાં. ત્યારબાદ ૧૯૫૪માં સ્વરપરીક્ષા સમયે સ્વ.ચં.ચી. મહેતા (સી.સી.મહેતા)એ એમને સાંભળ્યાં અને પોતાના રૂપક 'પાવાગઢનું પતન' માટે ગાવા અનુંબોધિત કર્યાં ત્યારે એમની ફી ₹૧૫ હતી! સરોજબહેન આકાશવાણીના સુપ્રસિદ્ધ સ્વરકાર સ્વ. રસિકલાલ ભોજકને સાદર યાદ કરે છે. રસિકભાઈનાં અનેક ગીતો, સંગીત રૂપકોમાં એમણે કંઠ આપ્યો છે અને એમનાં અનેક સ્વરાંકનો ગાયાં છે. તે સમયે અમદાવાદ કેન્દ્ર પર ચાલતાં લાઇટ મ્યુઝિક યુનિટની સંગીતપ્રેમીઓમાં પ્રતિષ્ઠા હતી. આ યુનિટના પ્રોડકશનની ઘણી લોકપ્રિયતા હતી. જનસાધારણ સુધી પ્રાદેશિક ભાષાની ગીતકવિતાને સ્વરબદ્ધ સ્વરૂપે પહોંચાડવામાં આકાશવાણીનો ફાળો અનન્ય છે. ગુજરાતી ગીતોને ગુજરાતીઓના હૈયે ને હોઠે ગુંજતા કરવાનો યશ આકાશવાણીને જાય છે. રસિકભાઈના સ્વરાંકનોનું પ્રધાન લક્ષણ છે મેલોડીનું માધુર્ય! રસિકભાઈએ શ્રી વિબુધ મહેતાનું એક ગીત 'નીરખું તમારી વાટ, ઓરે કનૈયા કાળા' સ્વરબદ્ધ કરીને સરોજબહેન પાસે ગવડાવ્યું. આકાશવાણીની દિલ્હી સ્થિત કચેરીએ આ રેકોર્ડિંગ સાંભળ્યું ને વખાણ્યું.. અને સરોજબહેન આકાશવાણીના સુગમસંગીત વિભાગના સન્માનનીય ગાયિકા બન્યાં.

સરોજબહેને પોતાના મૂળ વતન ચોટીલાની ધરતી પાસેથી મેળવેલી લોકસંગીતની અધિકૃત ઝલકનો પરિચય આપતાં, 'મોરલી તો ચાલી રંગ રુસણે' ગાયું અને આકાશવાણી પરથી પ્રસ્તુત થતાં જ પોંખાયું. સરોજબહેનની તાલીમ શુધ્ધ શાસ્ત્રીય ગાયનમાં છે. લોકસંગીતના લય હિલ્લોળથી એ પૂરેપૂરાં માહિતગાર છે. ઠૂમરીના અંગને એ બરાબર ઓળખે છે. નવરાત્રિ મહોત્સવ દરમિયાન, અમદાવાદના શ્રમજીવી વિસ્તારમાં ખુલ્લા કંઠે રાતભર ગરબા ગવરાવતાં સરોજબહેનનો કંઠ ઊડતી ધૂળ, માઇક્રોફોનની મર્યાદા અને તમામ વિપરીત સંજોગ વચ્ચે ય થાક્યો-હાર્યો નથી.

એમણે પોતાના શ્વસુરની ૧૯૩૨ થી ચાલતી સંગીત તાલીમ શાળાને પુનર્જીવિત કરી અને આજ પર્યંત સંગીતના વિદ્યાર્થીઓને શાસ્ત્રીય સંગીતની તાલીમ આપે છે, તો ગીત-ગઝલ-ભજનના રંગની પ્રભાવક રજૂઆત પણ શીખવે છે. આજે આ સંસ્થાના વિદ્યાર્થીઓ, સંગીત શિક્ષકો અને કલાકારો તરીકે કાર્યરત છે. સરોજબહેને સ્વયં ૨૯ વર્ષ સુધી વિવિધ શાળામાં સંગીતશિક્ષિકા તરીકે સેવા આપી છે. એમણે 'સંગીત અલંકાર' ની ડિગ્રી પણ મેળવી છે.

૨૦૦૮ થી તેઓ પોતાનાં સંતાનો પાસે અમેરિકામાં સ્થાયી થયાં છે. પણ આ અગાઉ પણ તેઓએ વિદેશની ધરતી પર કાર્યક્રમો આપ્યા છે. સુપ્રસિદ્ધ વિદુષી સવિતાબહેન નાનજીભાઈ મહેતા સાથે એમની નૃત્યનાટિકામાં ગાવા માટે ૧૧ મહિના સુધી આફ્રિકામાં ફર્યાં છે. બાળપણનો નૃત્યશોખ મણિપૂરી નર્તનના આ કાર્યક્રમોમાં સ્વરસંગીત દ્વારા સંતોષાયો! મણિપૂરી, બંગાળી અને વ્રજભાષામાં પણ ગીતો ગાયાં. આફ્રિકાના ગીંઝાના ઉપરાષ્ટ્રપતિએ એમને 'સૌરાષ્ટ્ર કોકિલા'નું બિરુદ આપી તે સમયે ૧૧૦૦ શિલીંગ ભેટ આપેલા!

સરોજબહેનને ૧૯૯૭-૯૮માં ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર મળ્યો છે. એ જ વર્ષે આકાશવાણીએ પણ એમની સુદીર્ઘ

### 'ઝાંઝર અલક મલકથી આવ્યું રે...'

**સરોજબહેનને 'સરોજગુંદાણી' તરીકે જાણીતાં કર્યાં કવિ સુંદરમ્‌ના ગીત અને સ્વરકાર રસિકલાલ ભોજકના સ્વરાંકનમાં ધ્વનિમુદ્રિત થયેલાં અમર ગીતઃ 'ઝાંઝર અલક મલકથી આવ્યું રે...' આ ગીત જ્યારે રેકોર્ડ થયું ત્યારે સરોજબહેનની ઊંમર હતીઃ ૧૬ વર્ષ! રસિકલાલ ભોજકના સ્વરાંકનની MELODY અને એમના સ્વભાવની કડક શિસ્ત પ્રિયતાને યાદ કરતાં આજેય સરોજબહેનના હોઠ મલકી ઊઠે છે.**

### સરોજ ગુંદાણીના કંઠે યાદગાર બનેલી રચનાઓ...

- આ દિવસ ઢળ્યો ને રાત થઈ...
- ઈંધાણા વીણવા ગઈ'તી...
- રણઝણ રણઝણ ઝાંઝર વાગે...
- હે કંકણ મારું...
- છમ છમ ઘૂંઘરું...
- કૂવાને કાંઠડે...
- આભ આખું મેં...
- હાં હાં રે ઘડૂલીઓ ચડાવને...

સંગીતયાત્રા બદલ એમને સન્માન્યાં. તો પૂ. મોરારીબાપુએ એમની લોકસંગીત ક્ષેત્રની વિરલ સાધના બદલ એમને 'દુલાભાયાકાગ' ઍવોર્ડ અર્પણ કર્યો. તાજેતરમાં જ નગરની ૧૦૮ વિરલ પ્રતિભાઓની સન્માનસૂચિમાં પણ તેમનું સાદર સાધિકાર સ્થાન હતું.

સરોજબહેન પોતાના ગુરુજનો તરીકે આદરણીય શ્રી.પી. મધુકર અને કાલિદાસભાઈ જોશી ઉપરાંત સ્વ. હામિદ હુસૈનખાં અને શ્રી કાલેખાં સાહેબને યાદ કરે છે. એ જ રીતે પોતાના પતિ અને જાણીતાં વાયોલિન વાદક સ્વ. શશીકાંત ગુંદાણીનો પણ ગુરુપદે ઉલ્લેખ કરે છે. અને સાથોસાથ, જ્યાંથી જે ઉત્તમ શીખવા મળ્યું છે એ સહુને ગુરુતત્ત્વ તરીકે વંદન કરે છે.

સરોજબહેને ગીત–ગરબા–બેલે–ગુજરાતી નાટક– ગુજરાતી ફિલ્મ (વણઝારી વાવ)માં પણ ગાયું છે. એમનાં ગીતોની અનેક રૅકોર્ડ ઊતરી છે. ૧૯૫૪થી ૨૦૦૩ સુધીની સક્રિય સંગીત સફર બાદ આજે અમેરિકામાં પણ તેઓ રસ ધરાવતા વિદ્યાર્થીઓને સંગીત શીખવે છે. અમેરિકામાં એમના પુત્ર દીપક ગુંદાણી જાણીતા તબલાંવાદક છે અને અનેક ગાયકો સાથે સૂઝભરી સંગત કરતા રહે છે.

સરોજબહેનની સંગીતસફર સામા પ્રવાહની સફર રહી છે. પ્રતિકૂળ પવનો વચ્ચેની એક મધ્યમ વર્ગીય ગૃહિણીની સંઘર્ષયાત્રા છે. સંગીત એમનો શોખ જ નહીં, જીવનનિર્વાહ માટેનું વરદાન પણ સિદ્ધ થયું છે. આસપાસના અવળા પ્રવાહો વચ્ચે પોતાને માટે સ્વીકૃતિનું વાતાવરણ ઊભું કરવાનું કઠિન કામ એમણે પોતાની સ્વરસાધના અને અડગ નિર્ધારથી પાર પાડ્યું છે. કોઈ જ વિશેષ સહકાર વગર ગુજરાતી સુગમસંગીત ક્ષેત્રે ઓળખ ઉભી કરવાના પડકારને પહોંચી વળવાના પ્રયત્ન દરમિયાન એમણે સમાધાનનો માર્ગ નથી સ્વીકાર્યો. આત્મસન્માન અને સ્વાભિમાન એમની મૂડી રહ્યાં છે. સંઘર્ષના એ દિવસો એમને આજેય યાદ છે કે જ્યારે પતિ શશીકાંતભાઈ સાઇકલના કેરિયર પરથી વાયોલિનનું બૉક્સ ઉતાર્યા વગર જ એક સ્થળેથી બીજા સ્થળે પહોંચતા. પણ, આજે હવે ચિત્તમાં કોઈ કડવાશ નથી. આકાશવાણી સાથેના એ જૂનાં સ્મરણો યાદ કરતાં આજેય એમની આંખો ચમકી ઊઠે છે. જે તે સમયે પારિવારિક વાતાવરણની ગેરહાજરી એમને સાલે છે. ગુજરાતી ગીત–સંગીતના પ્રચાર–પ્રસારના આ સમર્થ માધ્યમના સુવર્ણકાળને સાંભરીને આજે પણ એની પાસે અનેક શક્યતાઓ જુવે છે.

મુલાકાતને અંતે, આ ક્ષેત્રના યુવાન કલાકારોને માટે એમનો સંદેશ આપતાં કહે છેઃ જે રિયાઝ કરે તે રાજ કરે! સંગીતને ઈશ્વરના આશીર્વાદ ગણતાં સરોજબહેનનો કંઠ આજે પણ આ ઉક્તિને સાચી ઠેરવે છે. આવતા વર્ષે ૭૫ વર્ષમાં પ્રવેશ કરનારાં સરોજ ગુંદાણીના નરદમ નરવા ગુજરાતી ટહુકાને 'સ્વરસેતુ'ના વંદન.




વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ

૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચૉક, (પંચવટી),
ઍલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ટૅલિફૅક્સઃ (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

વાચકમિત્રો અને 'સ્વરસેતુ'ના સંગીતભાવકોને વિનંતી કે આ ન્યૂઝ ડાયજેસ્ટ અંગેના આપના નિખાલસ પ્રતિભાવ અને સૂચનો જરૂર લખી જણાવશો. 'સ્વરસેતુ'ના વિવિધ 'થીમ' આધારિત કાર્યક્રમો વિશેનો આપનો અભિપ્રાય કે આપનું સૂચન પણ અમને અવશ્ય જણાવશો.
શ્યામલ-સૌમિલ દ્વારા અવારનવાર પ્રગટ થતી સીડી અને ડીવીડી વિશે પણ આપ આપનાં મંતવ્યો જણાવશો તો એ અમને અમારી ભવિષ્યની વિવિધ યોજનાઓમાં ઉપયોગી થઈ પડશે.

## ક્યારેક ...

કોણ કહે છે કે હું અહીંથી ચાલી જઈશ?

ક્યારેક હું સૂર્યનું કિરણ થઈને  વહેલી સવારે
તમારી કાચની બારી પર ઝાકળભીના ફૂલના
ટકોરા મારીશ.

ક્યારેક સાંજને સમયે હું પાગલ હવાની જેમ તમને
વીંટળાઈ વળીશ.

ક્યારેક તમારા બગીચામાં તમે હીંચકે ઝૂલતા હશો
ત્યારે એક ક્ષણ તમારી બાજુમાં તમને પણ ખબર
ન પડે એમ ઝૂલી લઈશ.

તમારો હીંચકો સહેજ ધીમો પડશે ત્યારે તમને હું
જોયા કરીશ.

તમારા જ બગીચાની મધુમાલતીની આંખે.

-આરસના જળ (૧૯૯૬)



તસવીરઃ સંજય વૈદ્ય



જયમલ્લ પરમાર



# રાસ અને બ્રહ્માનંદજીના છંદ

ચારણી અને લોકસાહિત્યમાં રાસલીલાના સુપ્રસિદ્ધ છંદો આપણને છેલ્લાં ૨૦૦ વર્ષમાં માત્ર બે જ મળ્યા છે, અને તે બ્રહ્માનંદ સ્વામીના. એક રેણકી છંદમાંઃ

**ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘુંઘર,**
**રંગ ભર સુંદર શ્યામ રમે.**

અને બીજો ચર્ચરી છંદમાંઃ

**હરિહર અજ હેર હેર,**
**બિકસિત સુર બેર બેર;**
**ફરગટ ઘટ ફેર ફેર,**
**નટવર નાચે.**

એ બંને છંદો રચાયા ત્યારથી, એટલે કે ૨૦૦ વર્ષથી ગવાતાં આવે છે ને ખૂબ પ્રચલિત છે. તેમાંય રેણકી છંદ કરતા ચર્ચરી છંદનું ગીત ખૂબ લોકપ્રિય બન્યું છે.

ચારણ કવિઓ તો મુક્ત કંઠે ગાતા જ આવ્યાં છે. એ બંને છંદો ભવાઈમાં પણ ગવાતા આવે છે. ત્યારબાદ નાની નાની નાટક મંડળીઓમાં ગવાતા. છેલ્લાં ૫૫ વર્ષ દરમિયાન એ છંદો નૃત્ય રૂપકોમાં પણ ઊતર્યા અને ૫૦ વર્ષથી સૌરાષ્ટ્રની રાસમંડળીઓમાં છૂટથી ગવાતા થયા છે.

ગુજરાતના પ્રાચીન કવિઓમાં બ્રહ્માનંદ સ્વામીની ગણના વિદ્ધદ કવિજનોમાંથી ભાગ્યે જ કોઈને ડિંગળી ભાષાનું જ્ઞાન હોય છે. પરિણામે ડિંગળીમાં થયેલી કાવ્યરચના વિદ્વાનોનું મૂલ્યાંકન નથી પામી શકી.

હજી સુધી તો એકમાત્ર મેઘાણીએ કરેલું એનું મૂલ્યાંકન ચાલુ છે. કોઈએ આગળ પણ નથી કર્યું. પછીથી પણ નથી કર્યું. મેઘાણીભાઈએ કરેલાં મૂલ્યાંકનોમાં વીરરસના સ્તવનોનાં, પ્રશસ્તિઓનાં અને ઋતુઓના કાવ્યો વિશેષ છે. વિરહ અને પ્રણયનાં પણ ખરાં. પણ તે વખતે એમને મળ્યું તેટલું મૂલ્યાંકન કરતા ગયા છે. મેઘાણીભાઈએ મૂલવ્યું એથી વિશેષ અઢળક કાવ્યધન હજી અપ્રગટ પડ્યું છે.

બ્રહ્માનંદ સ્વામીના બે રાસ કેમ એમની નજર બહાર રહ્યાં તે નથી સમજાતું. માત્ર નાદવૈભવ અને પદલાલિત્યની કે વર્ણસગાઈની દૃષ્ટિએ જ નહિ પણ એક એવા વિષય ઉપરના એ બે કાવ્ય છે કે રાસલીલા, તેનો ભાવ, એની વેશભૂષા, વાદ્યો, તાલ, લય અને સૂર અને એ બધાની એકરૂપતામાંથી પ્રગટ થતા અનુપમ દશ્યને યથાવત્ વર્ણવતાં બ્રહ્માનંદ સ્વામીના કાવ્યો જેવા કોઈ કવિએ બીજાં કાવ્યો નથી આપ્યાં.

વિદ્ધદવર્ગ કાવ્યની ઉચ્ચ મીમાંસા કરતા હોય છે, પણ એમને ડિંગળીનો અભ્યાસ નથી હોતો. કદાચ એવા ડિંગળીના અભ્યાસી મળે તો રાસલીલાના રસિક નથી હોતા. રાસલીલાના રસિક હોય તો એના શાસ્ત્રની જાણકારી નથી હોતી. પરિણામે ડિંગળીની ઉત્તમ રચનાઓની જેમ બ્રહ્માનંદ સ્વામીના રાસ વિદ્ધદવર્ગનું મૂલ્યાંકન નથી પામી શક્યા.

સામૂહિક જીવનના સાર્વજનિક સંવેદનવાળા રાસલીલા, રાસનૃત્યો વગેરે સાથેના કવિઓનો સંબંધ ન રહ્યો. રાસ માટેનાં ગીતો કેટલાક સુંદર લખાયાં છે. એ પ્રવાહ મહાકવિ ન્હાનાલાલ સુધી આછોપાતળો વહ્યાં કર્યો. ત્યારબાદ રાસગીત રચનાઓ ઉછાંછળી, માદક, ઉત્તેજનાત્મક અને છીછરી મળ્યાં કરી છે. જે અતિ પ્રચલિત બની રહી છે.

રાસના ગીતોના બે પ્રકાર છેઃ ચારણી રચના છંદોબદ્ધ છે અને લોકજીવનના રાસ, જે દાંડિયારાસમાં અને રાસડે લેવાય છે તે. છંદોબદ્ધ રચનામાં બ્રહ્માનંદ સ્વામી સંગીતના જ્ઞાતા હોવા જોઈએ તેમ એમની રચના ઉપરથી સ્પષ્ટ લાગે છે. કારણ કે એમણે

પખાવજના બોલો વર્ણવ્યા છે ઉપરાંત પ્રાચીન રાસમંડળની પૂરી કલ્પના હોય તેવો રાસના વાદ્યો ઉપરાંત અન્ય નાદ અને ધ્વનિઓ પણ વર્ણવ્યા છે.

આ છંદોબદ્ધ રચનામાં આલાપ–તાન હોતાં નથી, પણ એના સૂરના આરોહ–અવરોહ એટલા વેગપૂર્ણ અને મદિલા હોય છે કે ઓછા સૂરમાં ગવાતા આ છંદો પોતે જ સંગીતનો એક મસ્ત પ્રકાર બની રહે છે. એના મૂળ તપાસીએ તો જ ખ્યાલ આવે કે, હલ્લિસક અને લાસક પ્રકારના આપણાં રાસનૃત્યોના આદિ પ્રકારોમાં આ છંદો ગવાતા હશે. સંભવ છે કે એમાંથી પણ એની રચના થઈ હોય. કારણ કે પ્રાચીન ગ્રંથોમાં 'ચર્ચરી છંદ'ને બદલે એનો 'ચર્ચરી નૃત્ય' તરીકેનો ઉલ્લેખ મળે છે.

સોરઠી પ્રજાની પ્રકૃતિ ત્યારે ગણતરીબાજ, ઠંડા લોહીની નહોતી, પણ ઋતુઓના લક્ષણ જેવી જ પ્રમત્ત, કલ્પનાસભર અને કાવ્યરસભરી હતી. જો એ ન હોત તો આટલું લોકસાહિત્ય, આટલું સમૃદ્ધ ભરપૂર લોકસંગીત પેદા જ ન થાત. છંદોબદ્ધ રાસ અને દાંડિયામાં લેવાતા રાસને તથા રાસડામાં એ પ્રકૃતિ પૂર્ણપણે વિકસે છે.

સંઘગાન–સમૂહગાન એ સૌરાષ્ટ્રનો સ્વભાવ રહેલો. એટલે જેમ છંદોબદ્ધ રાસોમાં ઝડઝમક, નાદવૈભવ, વર્ણસગાઈ, અનુપ્રાસ અને વર્ણનની ઠોર બોલે છે, તેમ લોકરાસો મેદનીને ચકચૂર બનાવે તેવી સરળ શબ્દગૂંથણીવાળા અને સુરમ્ય કલ્પનાથી ભરપૂર હોય છે. છેલ્લાં ૧૨૫ વર્ષથી રાસની આ બંને પ્રકૃતિનો સુંદર સમન્વય થઈને એકબીજાના પૂરક બની રહ્યા છે.

ભાદરવા સુદ પાંચમ એટલે ધનધાન્યથી લચી પડતી ભરચક મોસમ. એમાં વળી કંકુવરણી ભોમકા પાંચાળ અને એમાં પાછો તરણેતરનો મેળો. આજથી ૨૦૦ વર્ષ

> **સંઘગાન–સમૂહગાન એ સૌરાષ્ટ્રનો સ્વભાવ છે. એટલે જેમ છંદોબદ્ધ રાસોમાં ઝડઝમક, નાદવૈભવ, વર્ણસગાઈ, અનુપ્રાસ અને વર્ણનની ઠોર બોલે છે, તેમ લોકરાસો મેદનીને ચકચૂર બનાવે તેવી સરળ શબ્દગૂંથણીવાળા અને સુરમ્ય કલ્પનાથી ભરપૂર હોય છે.**

પહેલાંની આ વાત છે.

તરણેતરનો મેળો ત્યારે પહાડવાસી અને વનવાસીઓના મુક્તમને ઊજવાતો. પાંચાળના ગોપજનો પચરંગી વેશમાં રાસના ઝકોળા બોલાવતા હતા. બ્રહ્માનંદ સ્વામી એ મેળામાં હાજર. મુગ્ધ બની ગયા લોકનૃત્યોથી. એમની સામે કૃષ્ણલીલાના નાટ્યારંભનાં દૃશ્યો ખડાં થઈ ગયા અને નવે રસથી ભીંજવી દેનાર ચારણી ભાષામાં અઘરામાં અઘરા રેણકી અને ચર્ચરી છંદમાં રાસલીલાને ઉતારવા માંડી. કૃષ્ણ અને ગોપીઓ પણ મુગ્ધ થઈ જાય તેવું યથાતથ, કાવ્ય ભરપૂર અને મસ્ત સર્જન કર્યું. એ છંદોમાં શબ્દાડંબર, નાદવૈભવ, પદલાલિત્ય વાદ્યોના તાલ, ધ્વનિ અને સૂરની રંગભરી જમાવટ દ્વારા કૃષ્ણલીલાનું સાક્ષાત્ સ્વરૂપ ખડું કરી દીધું.

૨૦૦ વર્ષથી ગવાતા આ છંદો સાંભળીએ ત્યારે એટલા જ રસભાવ ઉત્પન કરે છે. એની શબ્દરચનામાં નહિ સમજનારા પણ છંદોના નાદવૈભવ અને તાલબદ્ધતાથી માથા ડોલાવવા માંડે છે. તેમાંનાં રેણકી છંદની શરૂઆત દુહાથી થાય છે.

**એક સમય શશી ઉદિત અતિ,**
**હુઓ મન અધિક હુલ્લાસ;**
**યમુના તટ વ્રજનાર જૂત,**
**રચ્યો મનોહર રાસ.**
**ભર ભર તન સજ આભરણ,**
**વન તન કરણ વિહાર;**
**કર કર ગ્રહ નટવર કિસન,**
**સરસર અનુસર સાર.**

છંદ રેણકી

**સર સર પર સધર અમર તર અનુસર,**
**કર કર વર ધર મેલ કરે;**
**હરિહર સુર અવર અધર અતિ મનહર,**
**ભર ભર અતિ ઉર હરખ ભરે**
**નિરખત નર પ્રવર પ્રવર ગણ નિરઝર,**
**નિકટ મુકટ શિરસ્વાર નમે;**
**ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂંઘર,**
**રંગભર સુંદર શ્યામ રમે- જિય. રંગ.**

ઉચ્ચ ગુજરાતી, સંસ્કૃત કે વ્રજભાષાના થોડા અભ્યાસથી અર્થ સમજાય જાય તેમ છે. એના નાદવૈભવ ને પદલાલિત્યથી ડોલનારા થોડોક જ અર્થ સમજે તો રંગની મસ્તી આવી જાય. એ પછી બીજા લોકપ્રિય બનેલા ચર્ચરી છંદમાં રાસલીલા ઉતારી. તેની શરૂઆત નીચે મુજબ થાય છેઃ

**હરિહર અજ હેર હેર, બિકસિત સુર બેર બેર,**
**ફરગટ ઘટ ફેર ફેર, નટવર નાચે.**
**ઠેં ઠેં બજ ત્ર્યંબક ઠોર, ચેં ચેં શરણાઈ શોર,**
**ઘેં ઘેં બજ પ્રગવ ઢોલ, ઘેં ઘેં બોલે...**
**ઝુક ઝુક ઝુક બજત ઝાંઝ, ટુક ટુક મંજરી રંજ,**
**ડુક ડુક ઉપંગ ચંગ, અતિ ઉમંગ ડોલે;**
**ટ્રગડદા ટ્રગડદા પખાજ, થ્રગડદા થૈ થૈ સમાજ,**
**કડકડદા કડકડદા ધ્રુકુટ ત્રુકુટ ઘનથી નાચે;**
**હરિહર અજ હેર હેર, બિકસિત સુર બેર બેર,**
**ફરગટ ઘટ ફેર ફેર, નટવર નાચે.**



રાજેશ વ્યાસ
'મિસ્કીન'

# કોઈ પંખી કોઈ ઝરણું તું ય લાગીશ,
# આ બધી ઈચ્છા-મહેચ્છાથી બચી જા

બચી જા...
(તાઓ-તે-ચિંગ)

કોણ કે છે કે આ દુનિયાથી બચી જા,
માત્ર ક્ષણભંગુર સપનાથી બચી જા.

હોય જો પ્હોંચી જવું ભટક્યા વિના તો,
બ્હારના પ્રત્યેક રસ્તાથી બચી જા.

ને ખરેખર હોય જો પોકારવો તો,
આ બધા નામો ને પડઘાથી બચી જા.

તું ભરે પગલાં અને સર્જાય રસ્તો,
પારકા સૌ વ્યર્થ પગલાંથી બચી જા.

કોઈ પંખી કોઈ ઝરણું તું ય લાગીશ,
આ બધી ઈચ્છા-મહેચ્છાથી બચી જા.

-રાજેશ વ્યાસ 'મિસ્કીન'

તાઓ–તે–કીંગ એ ૨૫૦૦ વર્ષ જૂની વાતો છે. લાઓત્સેનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૭૧માં થયો હતો. કોઈ કહે છે કે ઈ.સ. પૂર્વે ૬૦૪માં ચીનના રચ્યુ પ્રદેશમાં થયો હતો. લાઓત્સે કન્ફ્યુશ્યસના સમકાલીન હતા. લગભગ ૯૦ વર્ષ જીવ્યા. ૮૧ પેરેગ્રાફમાં તાઓ–તે–કીંગ લખાયું છે. સદ્દગુરુઓ કહે છે કે ઉપનિષદ, ધમ્મપદ, મહાવીર–વાણી, બાઈબલ, કુરાન, ઝેન્દાવેસ્તાની કક્ષાના આ વચનો છે.

આ પુસ્તક કઈ રીતે જન્મ્યું તેની કથા રસપ્રદ છે. લાઓત્સેને તેમના અનુભવો વિષે લખવા માટે ચીનના રાજા, ત્યાંની પ્રજા, તેમના શિષ્યો ખૂબ વિનંતી કરતા હતા. પરંતુ તેમણે ક્યારેય એ તરફ ધ્યાન જ નહોતું આપ્યું. ધીરે ધીરે લોકોનો આગ્રહ ખૂબ વધી ગયો. એ ખૂબ જાણીતા થવા લાગ્યા અને એક રાત્રે ઘર, ગામ, શહેર અને આખો દેશ છોડીને ચાલ્યા જવાનો તેમણે વિચાર કર્યો. રાજાને આ વાતની ગંધ આવી ગઈ હતી. સરહદ ઉપર રાજાએ તેમને પકડાવી દીધા અને કહેવડાવ્યું કે જકાત ટૅક્ષ ભર્યા વગર સરહદ પાર કઈ રીતે કરી શકાય? જકાતનાકા ઉપર દેશની સરહદેથી જકાત ચૂકવવાના ભાગરૂપે તેમને આ પુસ્તક લખી આપવું પડ્યું છે.

જો આ પુસ્તક લખી આપવું ન પડ્યું હોત તો? ચીનને, વિશ્વને ખબર જ ન પડી હોત કે આવો કોઈ સદ્દગુરુ થઈ ગયો. એ સદ્દગુરુના શબ્દો કેવા હશે? કે ૮૧ પ્રકરણમાં લખાયેલું આ પુસ્તક વિશ્વની તમામ ભાષાઓમાં અનુવાદિત થયું છે. દુનિયાના મોટા ભાગના ચિંતકોએ તેના વિષે વાત કરી છે. અને તેમણે સરહદ પાર કરવાની ક્ષણે છૂટકારો મેળવવા આ ૮૧ પ્રકરણો લખી આપ્યા છે.

જો કે કોઈ એવું પણ કહે છે કે તે જ્યારે દેશ છોડી જવા માટે ચીનની સરહદ ઉપર પહોંચ્યા ત્યારે સરહદ પરના ચોકીદારે આવા મહાપુરુષ ફરી ન જોવા મળે તો? એ બીકે કહ્યું કે તમે



**''બચી જા'' આ ગઝલ લાઓત્સેના પહેલા પ્રકરણના આધારે સંપૂર્ણ તેની અસરમાં અને સંસ્કારમાં લખાય છે. આ જીવ્યો પણ છું, બાળપણથી સંસારમાં મન તો નહોતું જ. પરંતુ આ સંસાર અને સૃષ્ટિ બે ય અલગ નથી લાગ્યાં. માયાની નજરે આ સંસાર છે ભીતરના પ્રવાસીની દૃષ્ટિએ આ સૃષ્ટિ છે. સંસાર અને સૃષ્ટિ એક જ દુનિયાના બે અલગ-અલગ દૃષ્ટિએ બોલાયેલાં નામ છે. આ દુનિયાથી બચીને ચાલવાનું નથી દુનિયા છોડીને ક્યાં જશો! હા, માત્ર જે વારેઘડીએ રડાવે છે એ ક્ષણભંગુર સપનાઓથી બચીને ચાલવાનું છે.**

મને તમારો ઉપદેશ લખીને આપો પછી જ તમને સરહદ પર જવા દઈશ. અમલદાર શિષ્યના પ્રેમાગ્રહને વશ થઈને જે ઉપદેશ વચનો લાઓત્સેએ લખી આપ્યાં એ જ આજે મહાન ગ્રંથ તાઓ–તે–કિંગના નામે જાણીતા છે. ઘણા તેને તાઓ–તે–ચીંગ પણ કહે છે.


આ સમયગાળો જ આ પૃથ્વી ઉપર જાણે ઠેરઠેર સદ્દગુરુઓના અવતરણનો છે. લાઓત્સે (ઈ.સ. પૂર્વે ૫૭૧) કન્ફ્યુશ્યસ (ઈ.સ. પૂર્વે ૫૫૧), બુદ્ધ (ઈ.સ. પૂર્વે ૫૬૩), મહાવીર સ્વામી, સૉક્રેટીસ, અષો જરથુષ્ટ્ર પણ આ જ સમયગાળાની આસપાસ જોવા મળે છે. દંતકથા એમ કહે છે કે લાઓત્સે અંતે સદેહે અનંતમાં વિલીન થઈ ગયા હતા. સદેહે અનંતમાં વિલીન થઈ જવું એ સદ્દગુરુઓ માટે કોઈ નવી વાત નથી. કબીર સદેહે વિલીન થઈ જાય છે અને ફૂલોનો ઢગલો મળે છે. મીરાંબાઈ સદેહે વિલીન થઈ જાય છે અને કહેવાય છે કે લઘિમા સિદ્ધિને કારણે દ્વારકામાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયાં છે. આટલી પૂર્વભૂમિકા રૂપે વાત કરવી જરૂરી જણાઈ છે.

''બચી જા'' આ ગઝલ લાઓત્સેના પહેલા પ્રકરણના આધારે સંપૂર્ણ તેની અસરમાં અને સંસ્કારમાં લખાઈ છે. આ જીવ્યો પણ છું. બાળપણથી સંસારમાં મન તો નહોતું જ. પરંતુ આ સંસાર અને સૃષ્ટિ બેય અલગ નથી લાગ્યાં. માયાની નજરે આ સંસાર છે. ભીતરના પ્રવાસીની દૃષ્ટિએ આ સૃષ્ટિ છે. સંસાર અને સૃષ્ટિ એક જ દુનિયાના બે અલગઅલગ દૃષ્ટિએ બોલાયેલાં નામ છે. આ દુનિયાથી બચીને ચાલવાનું નથી દુનિયા છોડીને ક્યાં જશો? હા, માત્ર જે વારેઘડીએ રડાવે છે એ ક્ષણભંગુર સપનાઓથી બચીને ચાલવાનું છે.

જો ક્યાંય ભટક્યા વિના પહોંચી જવું હોય તો આ બહારના રસ્તાઓથી બચીને ચાલવાની જરૂર છે. આવો જ ચોથો શેર છે. તેમાં લખ્યું છે કે તું પગલું ભરે અને તારો રસ્તો બને એ રસ્તો સાચો. પારકા, વ્યર્થ

પગલાંઓથી બચીને જીવવાનું છે. અહીં રસ્તા અને પગલાં વિષે થોડીક વાત કહેવી જરૂરી લાગે છે. રસ્તો એટલે જેના દ્વારા ક્યાંક પહોંચી શકાય. રસ્તો એટલે જે મંઝિલ સાથે જોડી દે તે. મંઝિલ એ ખરેખર તો રસ્તાનો એક છેડો જ છે. રસ્તો અને મંઝિલ જુદાં નથી હોતાં. રસ્તા વગરની મંઝિલ ના હોય અને મંઝિલ વગરનો રસ્તો ના હોય. પ્રત્યેક રસ્તો ક્યાંક પહોંચાડતો જ હોય છે. પણ એક એવોય રસ્તો છે જ્યાં ઊભા રહેવાથી જ પહોંચી જવાય છે અને એ ભીતરનો રસ્તો છે.

બધા જ પારકાં પગલાંઓથી બચીને ચાલવાનું છે. બધા જ રસ્તા પર પગલાંની છાપ પડે છે અને એ પગલાંને લીધે પાછળ ચાલનારાઓને સુવિધા થઈ જાય છે. તમારી ભીતર પહોંચવાનો તમારો રસ્તો કોઈ બીજો માણસ તમારા માટે બનાવે એ ન જ ચાલે. તમે ચાલતા જાવ છો અને તમે જ તમારો રસ્તો કંડારતા જાવ છો. તમારા




રસ્તાનું નિર્માણ તમે જ કરો છો. પારકાં પગલાં જોઈને કે પારકાં પગલાં પૂજીને તમે જેટલું ચાલશો એટલાં ભટકી જ જશો. એટલાં તમે તમારા પોતાનાથી દૂર ને દૂર થતા જશો. જે માણસ પોતાને શોધવા માટે કોઈ બીજાના રસ્તે ચાલે તે માણસ ક્યારેય પોતાને પામી ના શકે. જે પોતાને શોધવા નીકળ્યો છે તેણે બહારના બધા જ રસ્તા છોડી દેવા પડશે. કારણકે પોતાના સુધી બહારના કોઈ રસ્તા જતા નથી.

ને ખરેખર જો એ પરમને પોકાર પાડવી હોય



તો કોઈ પણ નામ અને તેના પડઘાથી પણ બચી જવાની જરૂર છે. આપણે ત્યાં તો કહેવત છે કે 'નામ તેનો નાશ' બધાં જ ક્ષણભંગુર છે. આ બધાં નામ વ્યવહારનાં છે, ખપ પૂરતા કામનાં છે. કામચલાઉ છે. આ બધાં નામોની ઉપયોગિતા છે, એ સત્ય નથી. અરે ભગવાનને પણ આપણે જે નામ અપ્યાં છે એ પણ ના આપી શકાય. એ પરમ ચેતનાને આપણે નામ આપીએ છીએ અને તેની સત્તા સીમિત થઈ જાય છે; વિકૃત થઈ જાય છે. એક માણસને માણસ કહીએ અને એ વિશ્વમાનવી કહેવાય પણ એ માણસને તમે જેવું નામ આપો છો ઈબ્રાહીમ–સેમ્યુલ–રણછોડ અને એ માણસ કેટલો સંકોચાઈ જાય છે. રણછોડ એટલે હિન્દુ, ઈબ્રાહીમ એટલે મુસ્લિમ, મુસ્લિમમાં સિયા કે સુન્ની? ભારતના કે પાકિસ્તાનના? અને છેવટે એ માણસ સંકોચાતો સંકોચાતો 'હું' રહી જાય છે. ઉમાશંકર જોશીની પંક્તિ છે.

**'હું વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી…'**


આ 'હું'થી વિશ્વમાનવી બનાવની સફર છે. લાઓત્સે કહે છે કે જે નામ એને આપીશું, જે નામ એનું રાખીશું એ નામ ખરેખર તો એના વિષેની ખબર નહીં આપે. એને કોઈ નામ આપી શકાય તેમ જ નથી. આપણે જે નામ આપીશું એ આપણાં સંબંધની ખબર આપવાનું છે. અલ્લાહ, શ્રીનાથજી, રામ, કૃષ્ણ, જિસસ… તમે હિન્દુ, વૈષ્ણવ, મુસ્લિમ, જે ઘરમાં જન્મયા છો એ ઘરની ખબર આપે છે. ખરેખર તો આપણાં હાથમાં જન્મથી આ નામ સિવાય કશું નથી. એ પરમ ચેતનાની આપણને કોઈ ખબર જ નથી. એના વિશેની કોઈ ખબર આપણી પાસે નથી. એટલે જ આ બધા ધર્મના ઝઘડા છે. ઈશ્વર વિશે આપણને કશી ખબર જ નથી. જો ખબર પડી જાય કે આ બધા જ નામ એનાં છે તો પણ કોઈ ઝઘડા ના રહે. આપણને કશી ખબર જ નથી ત્યાં આપણે એનું નામ કેવી રીતે રાખી શકીએ?

છેલ્લો શેર… આપણે પણ પંખી જેવા હળવા બનીને ઊડી શકીએ એમ છીએ, ઝરણાંની જેમ અનેક વિઘ્નો વચ્ચે ખળખળ વહેતા રહીને ગીત ગાઈ શકીએ તેમ છીએ. પરંતુ આપણી ઈચ્છાઓ–મહેચ્છાઓ આપણને આવું કરવા જ નથી દેતી. આપણને ભારે બનાવી નાખ્યા છે. ખરેખર મનની ખૂબી જ આ છે કે તમે જે કહો છો, જે સાંભળો છો, જે જુઓ છો તેને તે વાસનામાં–ઈચ્છામાં મહેચ્છામાં નિર્મિત કરી દે છે. જ્યાં સુધી ઈચ્છા, મહેચ્છાઓ છે ત્યાં સુધી શાંતિ શક્ય જ નથી. ખરેખર તો ઈચ્છા–મહેચ્છા વગરની અવસ્થામાં કોઈ અશાંતિ કે દુઃખ હોતાં જ નથી.



હર્ષ બ્રહ્મભટ્ટ

**સ્વપ્નાં બધાંયે તે છતાં તરસ્યાં રહી ગયાં,**
**પાંપણ કનેથી કેટલાં વાદળ સરી ગયાં!**



મારા હૃદયમાં વેદના તેઓ ભરી ગયાં,
એથી અમે આ શબ્દનો દરિયો તરી ગયાં.

સ્વપ્નાં બધાંયે તે છતાં તરસ્યાં રહી ગયાં,
પાંપણ કનેથી કેટલાં વાદળ સરી ગયાં!

પંપાળું છું મારી નજરથી કાળમીંઢ ખડક,
રોમાંચથી આ પથ્થરો પણ ફરફરી ગયા!

વરસાદનાં ટીપાં સમું સ્પર્શી ગયાં અને-
આ દેહ પર કૈં ખીણ તેઓ કોતરી ગયાં.

કવિ હર્ષ બ્રહ્મભટ્ટના કાવ્ય સંગ્રહ 'એકલતાની ભીડમાં'થી સાભાર
પ્રકાશકઃ નવભારત સાહિત્ય મંદિર



‘કુર્યાત સદા મંગલમ્’નું સંચાલન કરતા તુષાર શુક્લ.



‘કુર્યાત સદા મંગલમ્’: લાગણીભર્યાં ગીતોની રજૂઆત કરતાં સૌમિલ મુનશી, આરતી મુનશી અને દર્શના ગાંધી.



ગુજરાતી ચલચિત્રના અભિનેતા અરવિંદ રાઠોડ, આરતી-સૌમિલ મુનશી અને અભિનેત્રી પદ્મારાણી પણ હાજર રહ્યાં.



‘દીકરી તો પારકી થાપણ કહેવાય...’ આંખડી ભીંજાઈ.



ખીચોખીચ ભરેલાં મુંબઈના તેજપાલ હૉલમાં ભાવકોએ કલાકારોને તાળીઓથી વધાવી લીધા.



અભિનેત્રી પદ્મારાણીએ મંચ પરથી ‘સ્વરસેતુ’ની પ્રવૃતિને બે હાથે બિરદાવી હતી.



પન્નીને પહતાય તો કેટો નૈ!... મધ્યાંતર પછી શ્યામલ મુનશીની આ રજૂઆતે શ્રોતાઓને મોકળા મને હસાવ્યાં.



'કુર્યાત સદા દંગલમ્'નું સંચાલન કરતા રઈશ મનીઆર.

# 'કુર્યાત સદા મંગલમ, કુર્યાત સદા દંગલમ્'

મુંબઈના તેજપાલ સભાગૃહ ખાતે ૪ ઑગસ્ટના રોજ 'કુર્યાત સદા મંગલમ્, કુર્યાત સદા દંગલમ્' કાર્યક્રમ યોજાયો હતો. જેના પ્રથમ ભાગ 'કુર્યાત સદા મંગલમ્'માં માતા-પિતા અને પુત્રીનો લાગણીભીનો સંબંધ, લગ્નપ્રસંગે ગવાતાં ગીતો અને લગ્નની વિભાવનાને વ્યક્ત કરતાં કાવ્યોનું સુમધુર ગાન શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી સાથે દર્શના ગાંધીએ રજૂ કર્યું હતું. કાર્યક્રમના આ ભાગનો હૃદયસ્પર્શી રસાસ્વાદ તુષાર શુક્લએ કરાવ્યો હતો.

'કુર્યાત સદા દંગલમ્' કાર્યક્રમનો બીજો ભાગ હતો. જેમાં ડૉ.રઈશ મનીઆર સાથે ડૉ.શ્યામલ મુનશીએ લગ્નયજીવનની(ભગ્નજીવનની) બાબતોને હળવી શૈલીમાં રજૂ કરી શ્રોતાઓને પેટ પકડીને હસાવ્યા હતાં. આ ભાગમાં શ્યામલ-સૌમિલ અને આરતી મુનશી સાથે પ્રસાદ ઠાકર અને દર્શના ગાંધીએ ગીતોની પેરોડી ગાઈને સૌને મોજ કરાવી.

આમ, સામસામા બે અંતિમોનો સચોટ અનુભવ કરાવતી 'સ્વરસેતુ'ની 'કુર્યાત સદા મંગલગીતો, કુર્યાત સદા દંગલમ્'ની રજૂઆતને ભાવકોએ આંખના ખૂણે આંસુ અને હોઠ પર હાસ્ય સાથે વધાવી લીધી.

કાર્યક્રમને માણવા માટે પદ્મારાણી, અરવિંદ રાઠોડ અને હંસા દવે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની મંચસજ્જા લાલુભાઈ દ્વારા કરવામાં આવી હતી.



આરતી મુનશી અને દર્શના ગાંધી, એટલું હસ્યા કે...



પેરોડી ગીતોની જમાવટે હૈયું ખોલીને હસાવ્યા...



કાર્યક્રમની રંગત માણી રહેલા હંસા દવે, પદ્મારાણી અને અરવિંદ રાઠોડ.

# મને ભવાઈનું સ્વરૂપ આકર્ષે છેઃ રાજૂ બારોટ



તાજેતરમાં અમદાવાદ ખાતે જયશંકર હોલ અને 'રંગમંડળ' ખાતે 'સૈંયા ભયે કોટવાલ' ભવાઈની ભજવણી કરાઈ હતી જેમાં રાજૂ બારોટ અને અન્ય કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યાં હતાં.

'વૃક્ષ જ્યાં ઊગ્યું ત્યાં ઊગ્યું. માણસ હરે-ફરે છે, પણ જેમ વૃક્ષને મૂળિયા હોય છે, જેનાં દ્વારા એ સતત રસ-કસ મેળવતું રહે છે; તેમ માણસને પણ મૂળિયાં છે – સ્વભૂમિના વારસાગત જીવનસંસ્કારોનાં. એ મૂળિયાં અંગે જાગૃત રહી ચૈતન્ય-પોષણ ન મેળવતા રહીએ તો આપણે કેટલાં કંગાળ રહીએ!'

આ ઉદ્‌ગારો છે, ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. ઉમાશંકર જોશીના...

ને વાત પણ સાચી છે. ઘણીવાર માણસ પ્રગતિ અને આધુનિકતાની આંધળી દોટમાં પોતાની સંસ્કૃતિથી ખૂબ દૂર નીકળી જાય તો પણ પોતાનાં મૂળિયામાંથી કંઈ ને કંઈ પોષણ પામતો રહે છે. ગુજરાતની સમૃદ્ધ સંસ્કારિતાનું આવું જ એક મૂળિયું એટલે ગુજરાતી લોકનાટકનો વિશિષ્ટ પ્રકાર ભવાઈ.

વડોદરામાં શ્રી માર્કંડભાઈ તથા ઊર્મિલાબહેને સાથે ત્રિવેણી સંસ્થામાં ભવાઈ શૈલીમાં 'હોહોલિકા' ભજવેલું. ત્યારબાદ એમ.એસ.યુનિ.માંથી ડ્રામા ડિપ્લોમા કર્યો ત્યારે શ્રી જગદીશભાઈભટ્ટ સાથે ભવાઈ

**લોકોને પોતાની જ મૂર્ખાઈ પર ખડખડાટ હસાવીને તત્કાલીન સમાજને કોઈક ગર્ભિત શિખામણ સહજ રીતે આપી દેવી એ 'ભવાઈ' લોકનાટ્યપ્રયોગોનો મુખ્ય ઉદ્દેશ. અને તેથી જ ભવાઈ સામાન્ય જનસમુદાયને સહેલાઈથી સમજાય છે.**

ભજવી 'ઇચ્છા મારો કરો પૂરી'. એન.એસ.ડી. રીપેર્ટરીમાં હતો ત્યારે શ્રી શાંતા ગાંધીએ અમારી સાથે 'જસમા ઓડણ' ભજવ્યું. 'જસમા ઓડણ' અને 'તુઘલક' સાથે યુરોપની યાત્રા પણ કરી. પછી અહીં અમદાવાદમાં એન.એસ.ડી. ના ફાઈનલ યરના વિદ્યાર્થીઓ માટે ભરત દવે સાથે રહીને ભવાઈ શિબિરનું સંચાલન કર્યું અને ભજવ્યું 'ગિલોટીન કી ગુત્થી'. ત્યારે ભવાઈગુરુ શ્રી ચિમનભાઈ નાયક પાસેથી ઘણું શીખવા મળ્યું. દરમિયાન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ઘણા ભવાઈ વેશો જોયા. આમ ભાથું વધતું ગયું. પછી ઘણી ભવાઈ શિબિરો કરી જેમ કે ગોવા અકાદમીના વિદ્યાર્થીઓ સાથે શિબિરના અંતે એક પારંપારિક વેશ 'ઈશકલાલનો વેશ' અને બીજી આધુનિક ભવાઈ 'હોહોલિકા' ભજવ્યાં.

મારી અમદાવાદ થિયેટર ગ્રૂપ સાથે 'કંચન કરશે ગામને કંચન' ભજવ્યું પણ એ પૂર્ણ ભવાઈસ્વરૂપમાં નહોતું. એમાં માત્ર ભવાઈનાં બે પાત્રો જ લીધાં હતાં. 'રંગલો અને રંગલી'. એટલે ટીમ માટે પૂર્ણ સ્વરૂપમાં ભવાઈ શીખવા મળે એ હેતુથી હાથવગી જે સ્ક્રીપ્ટ હતી તે જગદીશ ભટ્ટે તમાશામાંથી ભવાઈમાં રૂપાંતરિત કરેલી 'ઇચ્છા મારી કરો પૂરી'.

મને ભવાઈનું સ્વરૂપ આકર્ષે છે તે આ કારણે કે જેમાં ગીત, નૃત્ય અને અભિનયની સાથે ટૂચકાઓના પણ સમન્વય કરીને સમયની સારી-માઠી રૂઢિઓ અને માન્યતાઓ પર પ્રવાહો કરી, લોકોને પોતાની જ મૂર્ખાઈ પર ખડખડાટ હસાવીને તત્કાલીન સમાજને કોઈક ગર્ભિત શિખામણ સહજ રીતે આપી દેવી એ 'ભવાઈ' લોકનાટ્યપ્રયોગોનો મુખ્ય ઉદ્દેશ. અને તેથી જ ભવાઈ સામાન્ય જનસમુદાયને સહેલાઈથી સમજાઈ જાય છે, ગમી જાય છે. બીજું જે આકર્ષણ ભવાઈમાં રહેલું તે એની સ્વયંસ્ફુરણા, જે અભિનેતા માટે પડકારરૂપ છે. અને ત્રીજું આકર્ષણ છે તે એનું સ્થાનિક તત્ત્વોનું સાહજિક ઉમેરણ. આટલી શક્યતાઓ હસ્તગત કરતા અભિનેતાની પૂરી જિંદગી નીકળી જાય, એનું ગીત-સંગીત-નૃત્ય તો હજુ બાકી જ રહી જાય. આ બધાં તત્ત્વો માત્ર ભવાઈમાં જ છે એવું નથી, આપણા દેશના લગભગ બધાં જ લોકનાટ્યોમાં છે.

મારી ટીમ થોડે ઘણે અંશે આ બધું પ્રાપ્ત કરી શકી છે એનો આનંદ છે. લોકનાટ્યનું અમારું આ સ્વરૂપ લોકો જરૂરથી માણશે.



## સ્વરકાર શ્રી ક્ષેમુ દિવેટીયા એમ્ફિ થિયેટર નામાભિધાન કરાયું

જાણીતા સ્વરકાર અને સુગમસંગીતના ભીષ્મપિતામહ તરીકે જાણીતા એવા સ્વ.શ્રી ક્ષેમુ દિવેટીઆનું નામ અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આવેલાં અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર થયેલ એમ્ફિથિયેટર સાથે જોડવામાં આવ્યું છે.

જાણીતાં અને જૂનાં કલાકારો સાથે કેટલાંક નવોદિત કલાકારોને પણ પ્રોત્સાહન આપનાર ક્ષેમુભાઈનું નામ આ રીતે શહેરની વિવિધ કલા–પ્રવૃતિઓ જ્યાં યોજવામાં આવે છે તેવા એમ્ફિ થિયેટર સાથે સંલગ્ન કરવા માટે અમદાવાદના સંવેદનશીલ, કાવ્યપ્રેમી અને ગાયક કલાકાર મેયર શ્રી હસિત વોરાને ખૂબ ખૂબ અભિનંદન.

આ પ્રસંગે શહેરના વિવિધ અગ્રગણ્ય કલાકારો ગૌરાંગ વ્યાસ, રાસબિહારી–વિભા દેસાઈ, આરતી અને સૌમિલ મુનશી, તુષાર શુક્લ, અમર ભટ્ટ, સલિલ મહેતા, ચિનુ મોદી, અંકિત ત્રિવેદી વગેરે હાજર રહ્યા હતાં અને ક્ષેમુભાઈ સાથેની સ્મૃતિને તાજી કરી હતી.

આ પ્રસંગે ક્ષેમુભાઈના સુપુત્ર અને સ્વરકાર માલવ દિવેટીઆએ કોર્પોરેશન અને હાજર રહેલાં સહૃદયીઓનો આભાર માન્યો હતો.

## શાસ્ત્રીય સમારોહ દ્વારા કલાગુરુઓને અનોખી નૃત્યાંજલિ



ગુજરાતમાં જે કલાગુરુઓનું નૃત્યક્ષેત્રે મહત્વનું યોગદાન છે, તેવાં સ્વર્ગીય ગુરુઓને નૃત્યાંજલિ અર્પવાનો વિશિષ્ટ કાર્યક્રમ તા.૧૪ જુલાઈના રોજ જયશંકર સુંદરી હોલ ખાતે સંપન્ન થયો હતો. આ કાર્યક્રમનું આયોજન સંગીત નાટક અકાદમીના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં કલાગુરુ કાશમીરાબહેન ત્રિવેદી, શીતલ મકવાણા, ઋચી ભટ્ટ, કાજલ મૂલે, શર્મિષ્ઠા સરકાર અને સ્મૃતિબહેન વાઘેલા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ કરી નૃત્યાંજલિ આપવામાં આવી હતી. સ્વ. ચાતુન્ની પાનીકરજી, સ્વ.રામાસ્વામીજી, સ્વ. ચિરપ્પા પીલ્લાઈજી તથા સ્વ. પ્રદીપ બરુઆજીને નૃત્યાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નૃત્યગુરુ કેતા ઠક્કર, હર્ષા ભાવસાર, ભરત બારિયા, અક્ષય પટેલ, ઉમાબહેન અનંતાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન જીતેન્દ્ર ઠક્કરે (સહાયક નિયામક) સુપેરે સંભાળ્યું હતું. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સચિવ ડૉ. પ્રદીપ આઝાદના વરદ્હસ્તે મંગલદીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો.




## ૪૨ કલાકારોએ રજૂ કર્યું શાસ્ત્રીયનૃત્ય...

ગાંધીનગર ટાઉનહોલ ખાતે ૫ ઓગસ્ટના રોજ અરવિંદ કેન્દ્રના ઉપક્રમે ૫ વર્ષથી માંડીને ૨૮ વર્ષની વય સુધીના ૪૨ જેટલાં કલાકારોએ 'આંગીકમ' શીર્ષક હેઠળ નૃત્યનો અનોખો કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં નૃત્ય નિર્દેશન ખુશ્બુ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું.

# ઝવેરચંદ મેઘાણી પર વી.એસ.ગઢવીનું વકતવ્ય યોજાયું...



ગાંધીનગરની જાણીતા કલાસંસ્થા 'શિવરંજની'દ્વારા લલિતકલા, સાહિત્ય અને બૌદ્ધિક પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરવા સુંદર સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમો યોજાતાં રહે છે. આ કલાસંસ્થા દ્વારા તાજેતરમાં લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી વિશે સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સરકારી અધિકારી અને સાથોસાથ લોકસાહિત્યના ખૂબ ઊંડા અભ્યાસી વસંતભાઈ એસ.ગઢવીએ (IAS) ઝવેરચંદ મેઘાણી વિશે વકતવ્ય આપ્યું હતું. મેઘાણીની અનેક રચનાઓ એમના વક્તવ્યમાં વણી લઈને સુંદર માહોલ ખડો કરી દીધો હતો. મેઘાણીના જીવનના અનેક પાસાને દર્શાવતી તસ્વીરો, રેખાચિત્રો અને પુસ્તકોનો પરિચય પણ સ્લાઈડ શો દ્વારા આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મેઘાણીભાઈના પૌત્ર પીનાકીન મેઘાણી અને તેમના પત્ની ખાસ હાજર રહ્યાં હતા આ ઉપરાંત કવિ અને સચિવ ભાગ્યેશ જહા, લેખક દોલત ભટ્ટ, કેશુભાઈ દેસાઈ, કવિ દલપત પઢીયાર, કિરીટ દુધાત, ભાનુભાઈ પુરાણી અને ડૉ. તેજલ દલાલ પણ હાજર રહ્યાં હતા. સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓએ કાર્યક્રમને મનભરીને માણ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. તેજલ દલાલે આંખની કાળજી વિશેનું વકતવ્ય પણ આપ્યું હતું.



# સાહિત્યમાં પોતાના અમૂલ્ય યોગદાન માટે ડૉ. ધીરુભાઈ ઠાકરને 'નર્મદ પુરસ્કાર'

દર વર્ષે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિ નર્મદનો જન્મદિવસ કૈંક અલગ રીતે ઉજવે છે. ૨૪ ઓગસ્ટ એ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે. અને આ પ્રસંગે એક ગુજરાતી અને એક મરાઠી સાહિત્યકારને તેના યોગદાન માટે 'નર્મદ પુરસ્કાર' આપવામાં આવે છે. આ વખતે પસંદગી સમિતિએ ગુજરાતના અનુભવી, વિવેચક, સંશોધક અને વિશ્વકોશના સંપાદક ડૉ. ધીરુભાઈ ઠાકરની પસંદગી કરી છે. જ્યારે મરાઠી સાહિત્યમાં કવિ શંકર વૈદ્યની પસંદગી કરવામાં આવી છે. પારિતોષિક રૂપે શાલ, શ્રીફળ, સન્માનપત્ર અને રૂ.૫૧,૦૦૦ આપવામાં આવે છે.

# 'અમર પ્રેમ' કાર્યક્રમ દ્વારા રાજેશ ખન્નાને સ્વરાંજલિ...



હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર રાજેશ ખન્નાની સ્મૃતિમાં અમદાવાદ મિરર દ્વારા 'અમર પ્રેમ' કાર્યક્રમનું તા.૩જી ઑગસ્ટના રોજ અમદાવાદના પ્રકાશ ઓડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ગાયક સંજય ઓઝા, ડૉ. પાર્થ ઓઝા અને કોશા પંડ્યા દ્વારા રાજેશ ખન્નાનાં સુમધુર અને જાણીતા ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કાજલ ઓઝા વૈદ્યે કર્યું હતું. તેમણે રાજેશ ખન્નાનાં જીવનની કેટલીક મધુર યાદો પણ વાગોળી હતી.



## ‘ભૂલી બિસરી યાદે’ કાર્યક્રમે લંડનવાસીઓનાં દિલ જીત્યાં

ગુજરાતી આર્ટ્સ એન્ડ ડ્રામા દ્વારા લંડનમાં હેરોલેઝર સેન્ટર ખાતે ‘ભૂલી બિસરી યાદે’ કાર્યક્રમ હેઠળ જૂનાં ફિલ્મી ગીતોની મહેફિલનો કાર્યક્રમ યોજાઈ ગયો . જેમાં પ્રમુખ ગાયક કલાકાર નીરજ પાઠક તથા મુંબઈનાં શ્રીમતી મૃદુલા દેસાઈ હતાં. ઓર્ગન ઉપર પંકજ પાઠકે સાથ આપ્યો અને કેટલાંક ગીતો પણ રજૂ કર્યાં હતાં. ૪૦ દિવસના પ્રવાસ દરમિયાન આઠ કાર્યક્રમ લંડનમાં અને એક લેસ્ટર ખાતે યોજાઈ ગયો. આઠમાંથી બે કાર્યક્રમો ગુજરાતી મહેફિલના હતા. જેમાં અવિનાશ વ્યાસ, ગૌરાંગ વ્યાસ તથા શ્યામલ–સૌમિલ મુનશીના સ્વરાંકનો નીરજ પાઠકે રજૂ કર્યા હતા. કાર્યક્રમ સફળ રહ્યો હતો અને પ્રેક્ષકોએ મનભરી માણ્યો હતો.

## પંડિત ઓમકરાનાથ શાસ્ત્રીય સંગીતસ્પર્ધા યોજાઈ

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે તા.૩ અને ૪ ઑગસ્ટ દરમિયાન રવિશંકર રાવલ કલાભવનના સંસ્કૃતિ સભાગૃહ ખાતે પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સચિવ ડૉ. પ્રદીપ આઝાદે કર્યું હતું. સ્પર્ધા ‘અ’ અને ‘બ’ વિભાગમાં યોજાઈ હતી. જેમાં કંઠ્ય, તાલ અને સ્વર એમ ત્રણ વિભાગ હતા. ‘અ’ વિભાગમાં કંઠ્ય શ્રેણીમાં પ્રથમ વનરાજ શાસ્ત્રી, દ્વિતીય આદિત્ય પંડિત, તૃતીય શીમોલી પંડ્યા જ્યારે સ્વરશ્રેણીમાં પ્રથમ નિર્ઝરી દેસાઈ, દ્વિતીય આસ્થા કચ્છી, તૃતીય કૃણાલ સંત અને તાલશ્રેણીમાં પ્રથમ રિષભ કાપડિયા, દ્વિતીય આકાશ ત્રિવેદી અને તૃતીય આર્યન ઐયર રહ્યાં હતાં. ‘બ’ વિભાગ કંઠ્ય શ્રેણીમાં પ્રથમ ધ્વનિ વચ્છરાજાની, દ્વિતીય વસંત નારદ, તૃતીય નેત્રી પાઠક. જ્યારે સ્વરશ્રેણીમાં પ્રથમ મૌલી દલાલ રહ્યાં હતાં. તાલશ્રેણીમાં પ્રથમ ધ્રુવ કોઠારી, દ્વિતીય ઋષિકુમાર ગોસ્વામી અને તૃતીય પવન ઓઝા રહ્યાં હતાં. ત્રણ સ્પર્ધાઓમાં ત્રણ–ત્રણ વિજેતાઓને રોકડ ઈનામ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. સંગીતસ્પર્ધાના નિર્ણાયક તરીકે




ઋષિકુમાર શાસ્ત્રી, રમાકાંત સંત, પ્રદિપ્તા ગાંગુલી તથા વિદ્યાધર જોગલેકર રહ્યાં હતાં. સ્થાનિક સહયોગ શાશ્વતી ભટ્ટાચાર્ય તથા તેમની કલાસંસ્થાએ આપ્યો હતો. ‘અ’ વિભાગનાં ઈનામો નિર્ણાયકશ્રી અને સહાયક નિયામક જિતેન્દ્ર ઠક્કરના વરદ્‌હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.



## કિશોરકુમારના જન્મદિવસ નિમિત્તે ‘મુડ્સ ઓફ કિશોર’ કાર્યક્રમ યોજાયો

૪થી ઑગસ્ટ કિશારકુમારના જન્મદિવસ નિમિત્તે અમદાવાદના એચ.કે. હૉલ ખાતે ‘સ્વર સુરાવલી’ ક્લબ દ્વારા ‘મુડ્સ ઓફ કિશોર’ના શીર્ષક સુમધુર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં નીરજ પાઠક તેમજ મુંબઈના શૈલજા સુબ્રમણીયમ દ્વારા કિશોર કુમારના યાદગાર ગીતો રજૂ કર્યાં હતા. કાર્યક્રમમાં ઓરકેસ્ટ્રાનું સંચાલન પંકજ પાઠકે કર્યું. જેમાં અશોક જગતાપની ટીમે સહયોગ આપ્યો હતો.




૧ સપ્ટેમ્બરઃ એડ્વિન વાઝ–અપ્પુ (વાંસળીવાદક, સંગીતકાર, અમદાવાદ)
૧ સપ્ટેમ્બરઃ કમલેશ મોતા (કલાકાર, લેખક, મુંબઈ)
૧ સપ્ટેમ્બરઃ દેવેન્દ્ર ભટ્ટ (નાટ્ય કલાકાર, કવિ, ભાવનગર)
૧ સપ્ટેમ્બરઃ મલકા મહેતા (ગાયિકા, અમદાવાદ)
૧ સપ્ટેમ્બરઃ મોસમ મહેતા (ગાયિકા, અમદાવાદ)
૧ સપ્ટેમ્બરઃ ભૈરવી હેમંત (નૃત્યાંગના, અમદાવાદ)
૨ સપ્ટેમ્બરઃ અલ્પા નિરવ (ગાયિકા, અમદાવાદ)
૨ સપ્ટેમ્બરઃ દિપક બોરકર (સંગીતકાર, મુંબઈ)
૨ સપ્ટેમ્બરઃ ખ્યાતિ મહેતા (ગાયિકા, ઉદ્‌ઘોષક, ભાવનગર)
૩ સપ્ટેમ્બરઃ જયદેવ કુંચાલા (ફોટોગ્રાફર, ભાવનગર)
૩ સપ્ટેમ્બરઃ ઉમેશ હિરાણી (વાદક કલાકાર–ડ્રમ, ભાવનગર)
૩ સપ્ટેમ્બરઃ માનસિંહ રાઠોડ (ચિત્રકાર, ભાવનગર)
૩ સપ્ટેમ્બરઃ ડૉ. ફિરદોસ દેખૈયા (ગાયક, સ્વરકાર, કવિ, ભાવનગર)
૩ સપ્ટેમ્બરઃ પ્યારેલાલ (સંગીતકાર, મુંબઈ)
૪ સપ્ટેમ્બરઃ હેતલ દેસાઈ ( ઉદ્‌ઘોષિકા, અમદાવાદ)
૪ સપ્ટેમ્બરઃ કૃષ્ણકાંત દવે (કવિ, અમદાવાદ)
૪ સપ્ટેમ્બરઃ કાશ્મીરા ત્રિવેદી (નૃત્યાંગના, અમદાવાદ)
૫ સપ્ટેમ્બરઃ ભૈરવી લાખાણી (ડાયરેક્ટર 'શશીકુંજ' એકેડમી, અમદાવાદ)
૫ સપ્ટેમ્બરઃ સૌમિલ મુનશી (ગાયક–સંગીતકાર, અમદાવાદ)
૫ સપ્ટેમ્બરઃ જયેશ મહેતા (વાદક કલાકાર–તબલા, ભાવનગર)
૫ સપ્ટેમ્બરઃ પાર્થ ભટ્ટ (કવિ, લેખક, નિર્દેશક, ભાવનગર)
૬ સપ્ટેમ્બરઃ દિલીપ દેસાઈ (નાટ્યકાર, સુરત)
૬ સપ્ટેમ્બરઃ સંતુ રાજડા ( અભિનેત્રી, મુંબઈ)
૮ સપ્ટેમ્બરઃ આરતી મુનશી (ગાયિકા, અમદાવાદ)
૮ સપ્ટેમ્બરઃ આશા ભોંસલે (વિખ્યાત ગાયિકા, મુંબઈ)
૮ સપ્ટેમ્બરઃ રાજેન્દ્ર મહેતા (ગાયક, મુંબઈ)
૯ સપ્ટેમ્બરઃ વિનય (સંગીતકાર, મુંબઈ)
૯ સપ્ટેમ્બરઃ હેતલ રાવલ (ગાયિકા, અમદાવાદ)
૯ સપ્ટેમ્બરઃ ઉ. અમઝદઅલી ખાન (વિખ્યાત સરોદવાદક, દિલ્હી )
૯ સપ્ટેમ્બરઃ દિવાકર રાવલ (કલાકાર, અમદાવાદ)
૯ સપ્ટેમ્બરઃ જ્યોતિભાઈ વૈદ્ય (નાટ્યકાર, સુરત)
૯ સપ્ટેમ્બરઃ જિગ્નેશ ભૂવા (ફોટોગ્રાફર, ભાવનગર)
૯ સપ્ટેમ્બરઃ નલિન ત્રિવેદી (ગાયક, સ્વરકાર, જામનગર)
૧૦ સપ્ટેમ્બરઃ નિર્ઝરી મહેતા (કવયિત્રી. વડોદરા)
૧૦ સપ્ટેમ્બરઃ મુકેશ રાવલ (કલાકાર, મુંબઈ)
૧૦ સપ્ટેમ્બરઃ દાદુદાન ગઢવી (કવિ, જૂનાગઢ)
૧૧ સપ્ટેમ્બરઃ નયના દવે (લોકનૃત્ય નિર્દેશક, ભાવનગર)
૧૧ સપ્ટેમ્બરઃ દર્શન જોષી (ગાયક, ભાવનગર)
૧૧ સપ્ટેમ્બરઃ ડેનીસ ક્રિશ્ચિયન (વાદક કલાકાર– ગિટાર, અમદાવાદ)
૧૨ સપ્ટેમ્બરઃ વિનોદ રાઠોડ (ગાયક, મુંબઈ)
૧૨ સપ્ટેમ્બરઃ પારૂલ વ્યાસ (ઉદ્‌ઘોષિક, અમદાવાદ)
૧૩ સપ્ટેમ્બરઃ ભાર્ગવ જોશી (નાટ્યનિર્માતા, અમદાવાદ)
૧૩ સપ્ટેમ્બરઃ પ્રભા અત્રે (શાસ્ત્રીય ગાયિકા, મુંબઈ)
૧૩ સપ્ટેમ્બરઃ ડૉ. કિશોર વાઘેલા (કવિ, લેખક, ભાવનગર)
૧૩ સપ્ટેમ્બરઃ પ્રજ્ઞાબેન કનારા (લોકનૃત્ય નિર્દેશક, ભાવનગર)
૧૩ સપ્ટેમ્બરઃ હસમુખ પાટડિયા (ગાયક, અમદાવાદ)
૧૪ સપ્ટેમ્બરઃ વિષ્ણુ પંડ્યા (સાહિત્યકાર,અમદાવાદ)
૧૫ સપ્ટેમ્બરઃ વિભૂતિબહેન ભટ્ટ (સાહિત્યકાર, અમદાવાદ)
૧૫ સપ્ટેમ્બરઃ પ્રતિભા રાવલ (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧૫ સપ્ટેમ્બરઃ ધરા શાહ (ગાયિકા, ભાવનગર)
૧૫ સપ્ટેમ્બરઃ નમ્રતા શોધન (ગાયિકા, અમદાવાદ)
૧૫ સપ્ટેમ્બરઃ જૈમિની ત્રિવેદી (અભિનેત્રી, અમદાવાદ)



# સુખદાયી... હો... ચિરઆયુ પામો...

૧૬ સપ્ટેમ્બરઃ સુભાષ બ્રહ્મભટ્ટ (નાટ્યકાર,અમદાવાદ)
૧૬ સપ્ટેમ્બરઃ સંદીપ કુલકર્ણી (વાદક કલાકાર–વાંસળી, મુંબઈ)
૧૬ સપ્ટેમ્બરઃ અમિત વૈષ્ણવ (વાદક કલાકાર કી–બોર્ડ, અમદાવાદ)
૧૭ સપ્ટેમ્બરઃ સ્વાતિ પાઠક (ગાયિકા, ભાવનગર)
૧૭ સપ્ટેમ્બરઃ નરેન્દ્ર મોદી (કવિ અને મુખ્યમંત્રીશ્રી, ગુજરાત)
૧૭ સપ્ટેમ્બરઃ સંજય ગોરડિયા (નિર્માતા, મુંબઈ)
૧૭ સપ્ટેમ્બરઃ દિશા વાંકાણી (અભિનેત્રી, મુંબઈ)
૧૮ સપ્ટેમ્બરઃ ચિન્મય બુચ (ગાયક, અમદાવાદ)
૧૯ સપ્ટેમ્બરઃ માલવ દિવેટીયા (ગાયક, અમદાવાદ)
૧૯ સપ્ટેમ્બરઃ દેવેન ભોજાણી (નાટ્યકાર, મુંબઈ)
૨૦ સપ્ટેમ્બરઃ રાગી જાની (અભિનેતા, અમદાવાદ)
૨૦ સપ્ટેમ્બરઃ વિનોદ અમલાણી (અભિનેતા, નિર્દેશક, ભાવનગર)
૨૧ સપ્ટેમ્બરઃ દીપ્તિ દેસાઈ (ગાયિકા, ભાવનગર)
૨૧ સપ્ટેમ્બરઃ પ્રવીણ પોંડા 'ચાંદ' (કવિ, ભાવનગર)
૨૧ સપ્ટેમ્બરઃ પ્રશાંત દેવમોરારી (ચિત્રકાર, ભાવનગર)
૨૧ સપ્ટેમ્બરઃ રાહુલ મુંજારિયા (વાદક કલાકાર કી–બોર્ડ, અમદાવાદ)
૨૧ સપ્ટેમ્બરઃ મિહિર જાની (ગાયક, અમદાવાદ)
૨૧ સપ્ટેમ્બરઃ અરુણ ઠાકોર (નાટ્યકાર, અમદાવાદ)
૨૨ સપ્ટેમ્બરઃ પીયૂષ પારાશર્ય (કવિ, લેખક, ભાવનગર)
૨૨ સપ્ટેમ્બરઃ મિલન મહેતા (વાદક કલાકાર–તબલા, ઢોલક, ડ્રમ, ભાવનગર)
૨૩ સપ્ટેમ્બરઃ કુમાર શાનુ (પાશ્વ ગાયક, મુંબઈ)
૨૩ સપ્ટેમ્બરઃ 'પદ્મ શ્રી' બળવંતરાય ભટ્ટ 'ભાવરંગ' (સંગીતજ્ઞ, ભાવનગર)
૨૪ સપ્ટેમ્બરઃ આશા સરવૈયા (લોકનૃત્ય નિર્દેશક, ગાંધીનગર)
૨૪ સપ્ટેમ્બરઃ રાજ સીનેજિયા (કોરિયોગ્રાફર, અમદાવાદ)
૨૫ સપ્ટેમ્બરઃ મોરારિબાપુ (વિખ્યાત રામાયણ કથાકાર, તલગજરડા)
૨૫ સપ્ટેમ્બરઃ જુહી ભટ્ટ (ગાયિકા, ભાવનગર)
૨૫ સપ્ટેમ્બરઃ ઘનશ્યામ મેતલિયા (શિલ્પકાર, ભાવનગર)
૨૫ સપ્ટેમ્બરઃ મહેશ્વરી મહેતા 'ઉષ્મા' (કવિ, ભાવવગર)
૨૫ સપ્ટેમ્બરઃ શોભના શંકર (ગાયિકા, અમદાવાદ)
૨૬ સપ્ટેમ્બરઃ જયશ્રી પરીખ (અભિનેત્રી, અમદાવાદ)
૨૭ સપ્ટેમ્બરઃ મીરા ભટ્ટ (લેખિકા , ભાવનગર)
૨૭ સપ્ટેમ્બરઃ રીના મહેતા (કવયિત્રી, સુરત)
૨૮ સપ્ટેમ્બરઃ દિલીપ દવે (લોકનૃત્યકાર, ભાવનગર)
૨૮ સપ્ટેમ્બરઃ દિનકર 'પથિક' (કવિ, ભાવનગર)
૨૮ સપ્ટેમ્બરઃ દર્શન (સંજીવ–દર્શન, સંગીતકાર, મુંબઈ)
૨૮ સપ્ટેમ્બરઃ લતા મંગેશકર (સુવિખ્યાત પાર્શ્વ ગાયિકા, મુંબઈ)
૨૮ સપ્ટેમ્બરઃ ભીમ વાંકાણી (અભિનેતા, અમદાવાદ)
૨૯ સપ્ટેમ્બરઃ દર્શન જરીવાલા (અભિનેતા, મુંબઈ)
૨૯ સપ્ટેમ્બરઃ મીનળ પટેલ (અભિનેત્રી, મુંબઈ)
૨૯ સપ્ટેમ્બરઃ નિસર્ગ ત્રિવેદી (નાટ્યકલાકાર, અમદાવાદ)
૨૯ સપ્ટેમ્બરઃ કાજલ ઓઝા–વૈદ્ય (લેખિકા, અમદાવાદ)
૨૯ સપ્ટેમ્બરઃ મહેશ દવે ( સાહિત્યકાર, અમદાવાદ)
૨૯ સપ્ટેમ્બરઃ રાજેશ વૈષ્ણવ (ગાયક. સ્વરકાર, ભાવનગર)
૨૯ સપ્ટેમ્બરઃ દર્શના ઠક્કર (ગાયિકા, અમદાવાદ)
30 સપ્ટેમ્બરઃ હિના પટેલ (લોકનૃત્યકાર, ભાવનગર)
30 સપ્ટેમ્બરઃ કૃષ્ણ ભડિયાદરા (લોકનૃત્યકાર, ભાવનગર)
30 સપ્ટેમ્બરઃ જયંત ઓઝા (કવિ, ભાવનગર).
30 સપ્ટેમ્બરઃ ભરત પંડ્યા (ચિત્રકાર, ભાવનગર)
30 સપ્ટેમ્બરઃ ચિનુ મોદી (કવિ, અમદાવાદ)
30 સપ્ટેમ્બરઃ વિનય દવે (ગીતકાર, અમદાવાદ)

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.

# સૂર શબ્દની સાથે જોડાવ...


- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.





વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ

ન્યૂઝ ડાયજેસ્ટ




સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

## આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ

હું..........................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹...............................મોકલી આપુ છું,

નામ :-.......................................................................................................................

સરનામું :-...................................................................................................................

...............................................................................................................................

ટેલિફોન નંબર :-...................................................મોબાઈલ નંબર :-...........................................ઈ-મેઈલ :-..........................................

ચેક/ડી.ડી નંબર :-...................................................બેંક :-..........................................................................તારીખ :-..............................

( લવાજમની રકમ રોકડથી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.




આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.

REGISTERED UNDER RNI NO. **GUJGUJ/2011/44495.** PERMITTED TO POST AT AHMEDABAD PSO ON 14 DATE OF EVERY MONTH UNDER POSTAL REGD. APPLIED ISSUED BY SSP, AHMEDABAD.



મનમોહક અંદાઝ





આત્મવિશ્વાસનો અલંકાર

કલાનું સૌંદર્ય





ગર્વની અભિવ્યક્તિ

Celebrating 62 Years

૬૨ વર્ષોથી આપનું ગર્વ.

Since 1950

ab JEWELS

... આપનું ગર્વ!

TRITON

**એ બી જ્વેલ્સ્**

**શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. (અમારી બીજી કોઈ શાખા નથી)**

**ફોનઃ** 079-26742525 / 26 • email: benchmark@abjewels.com

Like us on f / abjewels

ડાયમંડ

પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર

**અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ**